તમામ પરીક્ષાઓમાં રેકોર્ડ બ્રેક સ્કોર કરાવતું હસ્તલિખિત મેગેઝિન

# જાન્યુઆરી 2024

## PART 1
Dt. 01 to 15

કરન્ટ અફેર્સ તો Crack GPSC નું જ


ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

CRACK GPSC

UPSC - GPSC - PI - PSI - RFO

Dy. SO / મામ. | કલર્ક | તલાટી | કોન્સ્ટેબલ

CCE | TAT | TET | HTAT

7600051070




રામમંદિર પ્રાણપ્રતિષ્ઠા આનંદ મહોત્સવ નિમિત્તે

# હાર નહિ માનુંગા

## કોઈ પણ પરીક્ષા માટે થઈ જાઓ તૈયાર




ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

**CRACK GPSC**

## FEE ની ચિંતા છોડો, FREE તૈયારી કરો.

- **Video Courses** પર ક્લિક કરી **કોર્સ** પર ક્લિક કરો.
- **Reedem Code** પર ક્લિક કરી **CrackGPSC** કોડ દાખલ કરો.
- **APPLY** પર ક્લિક કરો. આપના કોર્સ તરત જ ON થઈ જશે.
(કોડ એક જ વખત નાખવો, વધુ વખત નાખવાથી કોર્સ કાયમ માટે બંધ થઈ શકે છે.)

અભ્યાસ/જોબ સાથે, ઘરે બેઠાં, ઓછા સમયમાં કોઈ પણ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરો.



ફરી એકવાર Dy. SO પરીક્ષામાં
સાબિત કરી દીધું કે...
માત્ર 225 પેજની
આ બુક સ્પર્ધાત્મક
પરીક્ષાઓ માટે છે
પરમાણુ બોમ્બ
LATEST
આ બુક તો વાંચવી જ પડે...
ફાસ્ટ ટ્રેક
બંધારણ
એક બુક બધી પરીક્ષાઓ
Crack GPSC
Crack GPSC ની બુક્સ જોરદાર જ હોય
40% ડિસ્કાઉન્ટ
ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ
CRACK GPSC
7600051070




ઘરે ઘરે વસાવવા લાયક
552 પાનાં ધરાવતું
દળદાર પુસ્તક
શાળા, કોલેજ કે સરકારી પરીક્ષાની તૈયારી કરતા
વિદ્યાર્થીઓ માટે
હું છું
ગુજરાત
ગુજરાત માટે આવી બુક
જોઈ નહિ હોય
,તમામ સંદર્ભ પુસ્તકો, સરકારી પુસ્તકો
સરકારી વેબસાઈટ્સ, પાઠ્યપુસ્તકોનો
ક્રમબદ્ધ, વ્યવસ્થિત અને
ઓથેન્ટિક રીતે ઉલ્લેખ
40થી વધુ નકશાઓ
દ્વારા રજૂઆત
40% ડિસ્કાઉન્ટ
આ બુક તો વાંચવી જ પડે...
હું છું 'ગુજરાત'
એક બુક, બધી પરીક્ષાઓ
Crack GPSC
MRP. 496/-
Only 299/-
Crack GPSC
વધુ વિગત માટે Whatsapp કરો 7600051070


# કોઈપણ પરીક્ષા માટે થઈ જાઓ તૈયાર

જેટલી વહેલી મહેનત શરૂ કરશો, એટલી વહેલી સફળતા મળશે.

## અમારાં મહત્વનાં પુસ્તકો - આજે જ વસાવો

**UP TO 40% OFF**

**IAS, IPS, DySP, Dy. Collector કે Class 1/2/3 અધિકારી બનવાનું કે સરકારી નોકરી મેળવવાનું આપનું સ્વપ્ન કરો સાકાર**




MRP. ~~496/-~~ Only @ 299/-




MRP. ~~380/-~~ Only @ 230/-




MRP. ~~380/-~~ Only @ 230/-




Coming...




MRP. ~~230/-~~ Only @ 170/-

**કોઈ પણ 3 BOOKS એક સાથે લેવા પર સ્પેશ્યલ Rs. 50/- Extra ડિસ્કાઉન્ટ**




MRP. ~~270/-~~ Only @ 162/-




MRP. ~~150/-~~ Only @ 99/-




MRP. ~~385/-~~ Only @ 235/-




MRP. ~~280/-~~ Only @ 168/-




MRP. ~~180/-~~ Only @ 126/-

**ORDER**

Visit website **crackgpsc.com/books** **OR અથવા** **Crack GPSC** એપમાં **BOOKS** વિભાગ પરથી **OR અથવા** અહીં આપેલ **QR કોડ** દ્વારા પેમેન્ટ કરો.

**કુરિયર સર્વિસ FREE** (4 થી 5 દિવસમાં ડિલીવરી) QR કોડથી પેમેન્ટ કરીને સ્ક્રીનશોટ 76000 51070 પર Whatsapp કરો.

## Crack GPSC ની બુક્સ જોરદાર જ હોય

**સરકારી નોકરીની તૈયારી માટે**

**76000 51070**

ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

**CRACK GPSC**

# [*] 1 જાન્યુઆરી - 2024 [*]

## [*] 12મો દિવ્ય કલા મેળો - 2023

(I) દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગે 29 ડિસે. 2023 થી 7 જાન્યુ. 2024 સુધી સૂરત, ગુજરાત ખાતે આ મેળાનું આયોજન કર્યું. જે દિવ્યાંગોના આર્થિક સશક્તિકરણની દિશા માં એક પહેલ છે.

(II) 20 રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશના 100 દિવ્યાંગ કારીગરો આ મેળામાં ભાગ લેશે.

## [*] ગુજરાત સરકાર દ્વારકામાં ભારતની પ્રથમ સબમરીન પર્યટન શરૂ કરશે.

(I) આ સબમરીનથી દ્વારકામાં સમુદ્રી જીવન બાબતે જાણી શકાશે તથા સાથે સાથે સમુદ્ર નીચે ખોવાયેલ પ્રાચીન શહેરની પણ માહિતી મેળવી શકાશે.

(II) રાજ્ય સરકારે આ યોજના માટે મઝગાંવ ડોક શિપબિલ્ડર્સ સાથે કરાર કર્યા છે.

(III) પાણીની અંદર સમુદ્રી જીવન જોવા માટે સબમરીનને પાણીમાં 100 મીટર સુધી લઈ જવાશે. અને તેમાં 24 પર્યટકો, જહાજના બે પાયલોટ અને ડોક્ટરની ટીમ સામેલ રહેશે.

(IV) સબમરીનને બારીઓ સાથે બનાવાય છે જેથી તમામ પર્યટકો સમુદ્રના નજારાને નિહાળી શકે.

Current Affairs By C.H. Shingala

## [*] ભારતીય નૌસેનાએ એડમિરલ્સ એપોલેટ્સની નવી ડિઝાઈન જાહેર કરી.

(I) નવી ડિઝાઈનમાં અષ્ટકોણ નૌસેના પતાકા છે અને છત્રપતિ શિવાજી મહારાજની રાજમુદ્રા છે.

(II) નવી ડિઝાઈનમાં ગોલ્ડન નવી બટન ગુલામીની માનસિકતાને દૂર કરવામાં સંકલ્પને દર્શાવે છે.

(III) અષ્ટકોણ આઠ મુખ્ય દિશાઓનું પ્રતિનિધિત્વ કરે છે. જે સર્વાંગી દીર્ઘકાલીન દ્રષ્ટિનો સંકેત આપે છે.

(IV) તેમાં રહેલ તલવાર અત્યાધુનિક રાષ્ટ્રીય શક્તિનું પ્રતિનિધિત્વ કરે છે અને ટેલિસ્કોપ બદલાતી મોસમ અને પારદર્શિતાનું નિદર્શન કરે છે.

## * ભારતનું પ્રથમ પૂર્ણ બાલિકા સૈનિક સ્કૂલ વૃંદાવન ખાતે.

(I) રક્ષામંત્રી રાજનાથ સિંહે UPના મથુરા જિલ્લાના વૃંદાવન ખાતે આ સ્કૂલનું ઉદ્ઘાટન કર્યું.

(II) સંવિદ ગુરુકુલમ ગર્લ્સ સૈનિક સ્કૂલ તમામ રાજ્ય/કે.પ્રદેશમાં ગૈર સરકારી) સંગઠન, રાજ્ય સરકારી સ્કૂલોની ભાગીદારીથી 100 નવી સ્કૂલો ખોલશે. અને તમામમાં CBSE સંબંધિત શિક્ષણ આપવામાં આવશે.

(III) રક્ષા મંત્રાલયે મિઝોરમના છિંગછિપ સૈનિક સ્કૂલમાં કરેલાં પાયલટ પ્રોજેક્ટની સફળતા બાદ આ નિર્ણય લેવાયો.

(IV) સૈનિક સ્કૂલોનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને દેશની રક્ષા માટે તથા સેવા માટે નેતૃત્વ કરવા તૈયાર કરવાનો છે.

## * DRDOનો 66મો સ્થાપના દિવસ

Current Affairs By C.H.Singala

(I) DRDOની સ્થાપના 1958માં ભારતના વિજ્ઞાન અને ટેકનોલોજી, વિશેષરૂપથી સૈન્ય તકનિકમાં આત્મનિર્ભર બનવા માટે કરવામાં આવી હતી.

(II) DRDOએ વર્ષ 2023માં 141 જેટલી પેટન્ટ હાંસલ કરી જે આવનારા વર્ષોમાં હજી વધશે.

2023માં DRDOની મુખ્ય ઉપલબ્ધિઓ

▷ DRDOએ ઓટોનોમસ ફ્લાઈંગ વિંગ ટેકનોલોજી ડેમોન્સ્ટ્રેટર નું પરીક્ષણ કર્યું.

▷ અગ્નિ પ્રાઈમ બેલેસ્ટિક મિસાઈલનું ઓડિશાના તટે પરીક્ષણ.

▷ DRDO અને ભારતીય નૌસેનાએ ગોવા તટે સ્વદેશી એર ડ્રોપેબલ કન્ટેનર 'ADC-150'નું સફળ પરીક્ષણ

સરકારી નોકરીની તૈયારી માટે
FEE ની ચિંતા છોડો,
FREE તૈયારી કરો.
Crack G GPSC
ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ
CRACK GPSC
• અભ્યાસ/જોબ સાથે, ઘરે બેઠાં, ઓછા સમયમાં કોઈ પણ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરો.

*** BRICS એ પાંચ નવા સભ્યોનું સ્વાગત કર્યું.**

(I) BRICSમાં તેના પાંચ સંસ્થાપક દેશો બ્રાઝીલ, રશિયા, ઈન્ડિયા, ચીન અને સાઉથ આફ્રિકા સાથે નવાં પાંચ સભ્યો જોડાશે.

(II) આ નવા સભ્યોમાં મિસ્ર, ઈથોપિયા, ઈરાન, સાઉદી અરબ, અને સંયુક્ત આરબ અમિરાતનો સમાવેશ કરાશે.

(III) બ્રિક્સનું અંતિમ વિસ્તરણ 2010માં દ.આફ્રિકાના સમાવેશ સાથે થયું હતું. વર્ષ 2024નું BRICSનું અધ્યક્ષ - રશિયા બન્યું.

(IV) નવા જોડાણથી વૈશ્વિક વ્યવસ્થાના એક બહુધ્રુવીય દુનિયામાં રણનીતિક ફેરફારો કરી શકાશે.

*** ઓસ્ટ્રેલિયાના ક્રિકેટર ડેવિડ વોર્નરે એકદિવસીય આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સન્યાસ જાહેર કર્યો.**

(I) વોર્નર ઓસ્ટ્રેલિયાઈ વન ડે ઈતિહાસમાં 6ઠ્ઠા નંબરે સૌથી વધુ રન બનાવનાર ખેલાડી છે. તેઓએ 161 મેચમાં 6932 રન બનાવ્યા.

(II) તેઓએ રિકી પોન્ટિંગ બાદ 22 સૌથી વધુ સદી મારીને રેકોર્ડ બનાવ્યો છે.

Current Affairs By C.H.Shingala

*** સંયુક્ત સૈન્ય અભ્યાસ - ડેઝર્ટ સાયક્લોન - ભારત અને UAE**

(I) ભારત અને UAE વચ્ચેનો આ સંયુક્ત સૈન્ય અભ્યાસ રાજસ્થાન ખાતે આયોજિત થશે.

(II) આ અભ્યાસનો ઉદ્દેશ્ય શહેરી પરિવર્તનમાં સર્વોત્તમ બાબતોને શિખવાનો અને આંતરસંચાલનીય બાબતોને વધારવાનો છે.

*** અરવિંદ પનગઢિયા - નાણાંપંચના ચેરમેન નિમાયા.**

(I) કેન્દ્ર સરકારે નીતિ આયોગના પૂર્વ નાયબ અધ્યક્ષ અરવિંદ પનગઢિયાને 16માં નાણાં પંચના ચેરમેન નિયુક્ત કર્યા.

(II) નાણામંત્રાલયમાં સંયુક્ત સચિવ ઋત્વિક પાંડેયને સચિવ બનાવાયા.

(III) કરવેરાની રકમ રાજ્યો સાથે કઈ રીતે વહેંચવામાં આવે તે અંગેનું સૂચન નાણાપંચ કરે છે.

# [*] 2 જાન્યુઆરી - 2024 [*]

## [*] ISROના વૈજ્ઞાનિક કલ્પના TOP 10 વિજ્ઞાનીની યાદીમાં

(I) શોધ પત્રિકા 'નેચર' દ્વારા ઈસરોના વિજ્ઞાની કલ્પના કલાઈસ્વામીને વર્ષના TOP-10 વિજ્ઞાનીઓની યાદીમાં રખાયા.

(II) તેઓ મિશન ચંદ્રયાન-3 ના એસોસિયેટ ડાયરેક્ટર હતા.

## [*] મુંબઈ ટ્રાન્સ હાર્બર લિન્કનું પ્રધાનમંત્રીએ લોકાર્પણ કર્યું.

(I) મહારાષ્ટ્રના CM એકનાથ શિંદેના અહેવાલ અનુસાર આ લિન્ક દેશનો સૌથી મોટો સમુદ્રી પુલ એવા MTHL પ્રોજેક્ટ મુંબઈના સેવરીથી રાયગઢ જિલ્લાના ન્હાવા શેવા વચ્ચેની મુસાફરી સમયને ઘટાડશે.

(II) આ લિન્ક 21.8 km માં 6 લેનમાં પથરાયેલો છે જેમાં 16.6 km નો વિસ્તાર સમુદ્ર પર અને બાકીનો જમીન પર છે.

## [*] મહર્ષિ વાલ્મિકી એરપોર્ટ - ઉત્તરપ્રદેશ

(I) પ્રધાનમંત્રીએ અયોધ્યા ખાતે આ એરપોર્ટનું ઉદ્ઘાટન કર્યું.

(II) આ એરપોર્ટ 6500 વર્ગમીટર ક્ષેત્રફળમાં ફેલાયેલું છે અને તે વાર્ષિક 10 લાખ યાત્રિઓનું સંચાલન કરી શકે છે.

(III) આ સાથે PM એ પુનર્વિકસિત અયોધ્યા રેલવે સ્ટેશનનું પણ ઉદ્ઘાટન કર્યું અને લતા મંગેશકર ચોક ખાતે વિશાળ આકારની વીણા પણ સ્થાપિત કરી.

Current Affairs By C.H. Shingala

Crack GPSC

કરન્ટ અફેર્સ

Daily કરન્ટ અફેર્સ PDF આપને ટેલિગ્રામ ચેનલમાં મળશે.

/CrackGPSCapp

**[*] ઝારખંડમાં વૃદ્ધ પેન્શનમાં આયુવય ઘટાડી 50 વર્ષ કરાયું.**

(I) ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેને આદિવાસી અને દલિતો માટે વૃદ્ધ પેન્શન યોજનાની લઘુત્તમ ઉંમર મર્યાદા ઘટાડીને 50 વર્ષ કરી.

(II) વર્ષ 2000માં ઝારખંડની રચના સમયે માત્ર 16 લાખ લોકો પેન્શન ધારકો હતા. જ્યારે હાલ 60 વર્ષથી વધુની ઉંમરના 36 લાખ પેન્શનરો છે.

**[*] જાપાનમાં 7.6 ની તીવ્રતાનો ભૂકંપ**

(I) જાપાનમાં નવા વર્ષ 2024ના પ્રથમ દિવસે જ 7.6ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો અને ત્યારબાદની 5 કલાકના સમયમાં 50થી વધુ આફ્ટરશોક પણ આવ્યા.

(II) આ ઉપરાંત તંત્રએ પશ્ચિમી દરિયાઈ વિસ્તારમાં સુનામીના જોખમની પણ ચેતવણી આપી છે.

(III) ભૂકંપનું કેન્દ્ર ઈશિકાવા માનવામાં આવે છે અને સુનામી માટે નિગાતા અને ટોયામાને સૌથી વધુ ચેતવણી આપવામાં આવી છે.

**[*] બાંગ્લાદેશના નોબેલ વિજેતા યુનુસને 6 માસની જેલ**

(I) ગરીબી વિરોધી અભિયાન માટે 2006માં મુહમ્મદ યુનુસને નોબેલ શાંતિ પુરસ્કાર અપાયો હતો.

(II) શ્રમકાયદાના ઉલ્લંઘન કેસમાં હાલ તેમને 6 માસની સજા આપવામાં આવી છે.

(III) વડાપ્રધાન શેખ હસીનાની સરકાર અને યુનુસ વચ્ચે અકળ કારણોસર વિવાદ ચાલી રહ્યો છે.

GPSC Current Affairs By C.H.Shingala

## (*) હિમાચલ પ્રદેશના સિરમૌરની હટ્ટી સમુદાય STમાં દાખલ

(I) કેન્દ્રીય કેબિનેટની મંજૂરી બાદ મુખ્યમંત્રીએ હટ્ટી સમુદાયને અનુસૂચિત જન જાતિમાં સામેલ કરવાની જાહેરાત કરી.

(II) હટ્ટી, જેનું નામ 'હાટ' બજારો માટે રખાયું છે. તેઓ હિમાચલના ટ્રાંસ-ગિરિ અને ઉત્તરાખંડના જૌનસાર બાવરમાં રહે છે.

(III) તેઓમાં આંતર સામુદાયિક વિવાહ પ્રચલિત છે. તેઓમાં સામુદાયિક બાબતો પારંપરિક 'ખુમ્બલી' પરિષદ દ્વારા શાસિત હોય છે જેની ક્ષમતા પંચાયતી રાજ પ્રણાલી સમકક્ષ આપવામાં આવે છે.

(IV) તેઓ હિમાચલ પ્રદેશની કુલ 5.7% જનજાતીય આબાદીમાં યોગદાન આપે છે.

## (*) ગુજરાતમાં યોગ ક્ષેત્રે ગિનીઝ રેકોર્ડ

(I) ગુજરાતમાં નવાં વર્ષની શરૂઆત સાથે એક સાથે 108 સ્થળોએ સામૂહિક સૂર્યનમસ્કાર દ્વારા રેકોર્ડ બનાવ્યા.

(II) કાર્યક્રમમાં CM ભૂપેન્દ્ર પટેલ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ મોઢેરા સૂર્યમંદિર ખાતે રાજ્યસ્તરીય કાર્યક્રમમાં હાજરી આપી હતી.

Current Affairs By C.J.Shingala



# [*] 3 જાન્યુઆરી - 2024 [*]

## [*] એમ એસ સ્વામીનાથન પુરસ્કાર

(I) હરિયાણા કૃષિ વિશ્વવિદ્યાલયના કુલપતિ પ્રો. બી.આર. કમ્બોજને આ પુરસ્કાર આપવામાં આવ્યો.

(II) કૃષિ વિજ્ઞાન ક્ષેત્રમાં એક વૈજ્ઞાનિક અને વિશેષજ્ઞ તરીકેના તેમના યોગદાન બદલ આ પુરસ્કાર અપાયો.

(III) આ પુરસ્કાર સમારોહ મધ્યપ્રદેશના ગ્વાલિયરમાં રાજમાતા વિજયારાજે સિંધિયા કૃષિ વિશ્વવિદ્યાલયમાં 'એક સ્વાસ્થ્ય એક વિશ્વ' વિષય પર આયોજિત કરાયો હતો.

⊙ એમ એસ સ્વામીનાથન પુરસ્કાર ⊙

▷ આ પુરસ્કારની શરૂઆત 2004માં થઈ.

▷ ભારતમાં ખાદ્ય સુરક્ષા અને કૃષિ ક્ષેત્રના યોગદાનને માન્યતા આપવા માટે આ પુરસ્કાર અપાય છે.

▷ પ્રથમવાર આ પુરસ્કાર 15 માર્ચ 2005એ તત્કાલીન રા.પતિ ડૉ. એપીજે અબ્દુલ કલામે શાંતિ નોબેલ વિજેતા ડૉ. નોર્મન ઈ. બોરલોગને અપાયો હતો.

## [*] ઈંટર ઓપરેબલ અપરાધિક ન્યાય પ્રણાલીમાં UP નંબરવાર પ્રથમ

(I) ઈંટર ઓપરેબલ ક્રિમિનલ જસ્ટિસ સિસ્ટમની સંકલ્પના સુપ્રીમ કોર્ટની ઈ-કમીટીએ અને ગૃહમંત્રાલયે આપી. જે વિશેષતઃ અપરાધીક ન્યાય પ્રણાલીના વિવિધ સ્તંભોનો ડેટા અને સૂચનાને હસ્તાંતરણની સુવિધા આપે છે.

(II) એકલ બારી પ્રણાલીના માધ્યમથી અદાલત, પોલીસ, જેલ અને ફોરેન્સિક વિજ્ઞાન પ્રણાલીઓનો ડેટા આદાન-પ્રદાન કરવાની સુવિધા મળશે.

(III) યોજના હેઠળ UPમાં 1,56,22,514 અરજીઓ સમાવિષ્ટ થઈ. જ્યારે આ યાદીમાં મધ્યપ્રદેશ બીજા અને બિહાર ત્રીજા સ્થાને રહ્યું.

[*] ન્યાયમૂર્તિ બી.આર. ગવઈ - સર્વોચ્ચ ન્યાયાલય કાનૂની સેવા સમિતિના અધ્યક્ષ નિયુક્ત થયા.

(I) નેશનલ લીગલ સર્વિસ ઓથોરિટી (NALSA) એ ગવઈને અધ્યક્ષ બનાવ્યા છે.

(II) સર્વોચ્ચ ન્યાયાલય કાનૂની સેવા સમિતિના અધ્યક્ષના રૂપમાં ન્યાયમૂર્તિ સંજીવ ખન્નાનું તેઓ સ્થાન લેશે.

(III) ન્યાયમૂર્તિ સંજીવ ખન્ના અગાઉ વરિષ્ઠતમ ન્યાયાધીશ હતા અને વર્તમાનમાં NALSAના કાર્યકારી અધ્યક્ષ તરીકે કાર્યરત હતા.

[*] ડેનમાર્કના માર્ગ્રેથ દ્વિતીયએ ત્યાગની જાહેરાત કરી.

(I) ડેનમાર્કના મહારાણીએ નવાં જ વર્ષે TV સંબોધનમાં પદત્યાગની ઘોષણા કરી.

(II) મહારાણી ઔપચારિક રૂપથી 14 જાન્યુઆરી, 2023 નું પદ છોડશે, જેઓ 1972માં મહારાણી બન્યા અને 52 વર્ષ પૂર્ણ કરશે.

(III) તેમના પુત્ર, ક્રાઉન પ્રિંસ ફ્રેડરિક, ડેનમાર્કના રાજા અને રાજ્યના પ્રમુખ તરીકે ઉત્તરાધિકારી બનશે.

[*] ચીનનું અલ્ટ્રા-ડીપવોટર ડ્રિલીંગ જહાજ 'મેંગજિયાંગ'

(I) ચીનના પ્રથમ મહાસાગર ડ્રિલીંગ જહાજ, મેંગજિયાંગ પૃથ્વીના આવરણના રહસ્યો બાબતે તપાસ કરશે.

(II) પૃથ્વીના ઉપરના આવરણ બાબતે માહિતી મેળવવાનો આ પ્રકારનો પ્રથમ પ્રયાસ બનશે.

(III) ચીન ભૂવૈજ્ઞાનિક સર્વેક્ષણ દ્વારા વિકસિત, 'મેંગજિયાંગ' 150 થી વધુ અનુસંધાન સંસ્થાઓ અને કંપનીઓના સહયોગનું પરિણામ છે. જે સમુદ્રની ગહેરાઈએ ડ્રિલિંગ ક્ષમતાઓમાં મહત્વપૂર્ણ પ્રગતિ દર્શાવે છે.

Current Affairs By C.H.Shingala

ફ્રી સરકારી નોકરી માટેની તૈયારી
Crack G GPSC
ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ
CRACK GPSC
FEE ની ચિંતા છોડો, FREE તૈયારી કરો. 76000 51070

(*) IREDA એ 2024 ને 'માનવ સંસાધન વિકાસ અને અનુશાસનનું વર્ષ' જાહેર કર્યું.

(I) IREDA ના CMD પ્રદીપ કુમાર દાસે આ જાહેરાત કરી.

(II) CMD એ કર્મચારીના પ્રયાસોની સરાહના કરી જેમણે સંસ્થાને આ નવી ઊંચાઈએ પહોંચવામાં મદદ કરી.

• IREDA •

▷ નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય હેઠળની ભારત સરકારની એક મિની રત્ન સંસ્થા છે.

▷ IREDA 1987માં બિન બેંકિંગ નાણાકીય સંસ્થા તરીકે સ્થાપિત થઈ હતી.

▷ આદર્શ વાક્ય :- હંમેશા માટે ઊર્જા

(*) પેરિહેલીયનની ઘટના

(I) જ્યારે પૃથ્વી સૂર્યની એકદમ નજીકની પસાર થાય ત્યારે તે ખગોળિય ઘટના પેરિહેલીયન તરીકે ઓળખાય છે.

(II) જ્યારે આ ઘટના થાય ત્યારે પૃથ્વી સૂર્યની એકદમ નજીક હોવા છતાં ભારતમાં ગરમીનો પ્રભાવ જોવા મળતો નથી જેની પાછળ પૃથ્વીનું તેની ધરી પરનું નમન છે.

(III) ગ્રીક ભાષામાં પેરિનો અર્થ નજીક અને હેલીયસનો અર્થ સૂર્ય થાય છે

Current Affairs By G.H.Shingala GPSC

# (*) 4 જાન્યુઆરી- 2024 (*)

## (*) ઈલેક્ટ્રોનિક માટી

(I) વૈજ્ઞાનિકોએ નવી ઈલેક્ટ્રોનિક માટીની શોધ કરી. જેનો ઉપયોગ હાઈડ્રોપોનિક્સ જેવી માટી રહિત ખેતી માટે કરવામાં આવશે અને તેનાથી પાકની વૃદ્ધિ કરી શકાશે.

(II) સંશોધન મુજબ ઈ-માટીથી 50% વધુ ઉત્પાદન મેળવી શકાયું.

(III) ઈ-માટી સેલ્યુલોઝમાંથી બનાવવામાં આવી છે. જે એક બાયો-પોલિમર છે. જેને PEDOT નામક પોલીમર સાથે મિશ્રિત કરવામાં આવે છે.

(IV) ઈ-માટીમાં ઊર્જાનો ખૂબ જ ઓછો ઉપયોગ થાય છે અને હાઈવોલ્ટેજના ખતરા પણ રહેતો નથી.

Current Affairs By G.H.Shingala GPSC

## (*) પ્રોફેસર વેદ પ્રકાશ નંદા

(I) પ્રો. નંદા સંયુક્ત રાજ્ય અમેરિકામાં ભારતીય પ્રવાસીયોના મુખ્ય સદસ્ય હતા. તેમનું હાલમાં નિધન થયું.

(II) સાહિત્ય અને શિક્ષણમાં યોગદાન માટે 2018માં તેમને પદ્મભૂષણ અપાયો હતો, અને તેઓ કોલોરાડોના ડેનવર વિશ્વવિદ્યાલયમાં આંતરરાષ્ટ્રીય કાયદાના પ્રોફેસર હતા.

(III) તેઓએ વર્લ્ડ જ્યુરિસ્ટ એસોસિએશનના અધ્યક્ષ, અમેરિકન સોસાયટી ઓફ ઈન્ટરનેશનલ લૉના માનદ ઉપાધ્યક્ષ, યુનાઈટેડ સ્ટેટ્સ ઈન્સ્ટીટ્યૂટ ઓફ હ્યુમન રાઈટ્સની સલાહકાર પરીષદમાં કામ કર્યું હતું.

## (*) નવા હિટ એન્ડ રન કાયદો

(I) નવા હિટ એન્ડ રન કાયદાની જોગવાઈ રૂ. 7 [redacted] લાખનો દંડ અને 10 વર્ષની જેલની સજાના વિરોધમાં ભારતના તમામ ટ્રક ડ્રાઈવરો હડતાલ પર ઉતર્યા.

(II) વિરોધ થતાં કેન્દ્ર સરકારે હાલ આ કાયદો સ્થગિત કર્યો અને આવનારા સમયમાં ડ્રાઈવરોના વિવિધ યુનિયનો સાથે પરામર્શ કરીને નવો કાયદો બનાવશે તેવી જાહેરાત કરી.

**(*) આંતરરાષ્ટ્રીય માઈન્ડ-બોડી વેલનેસ દિવસ - 3 જાન્યુઆરી**

(I) શારીરિક અને માનસિક સ્વાસ્થ્યના સામંજસ્યપૂર્ણ અસ્તિત્વને સમર્પિત કરવા આ દિવસ મનાવાય છે.

(II) આ દિવસ દુનિયાભરના લોકોમાં આત્મ નિશ્ચય, માનસિક અને તમામ શારીરિક સ્વાસ્થ્યને વિકસિત કરવાનો ઉદ્દેશ્ય ધરાવે છે.

(III) વર્ષ 2024ની થીમ:- 'સમગ્ર કલ્યાણ: મન, શરીર અને આત્મા'

**(*) ભારત દુનિયાની સૌથી મોટી રેડિયો ટેલીસ્કોપ પરિયોજનાનો હિસ્સો બનશે.**

(I) ભારતના વૈજ્ઞાનિકોએ સ્ક્વેર કિલોમીટર એરે ઓબ્ઝર્વેટરી (SKAO)નો હિસ્સો બનવાનો પ્રયાસ સફળ બનાવ્યો.

(II) SKAO દુનિયાના સૌથી મોટા રેડિયો ટેલિસ્કોપ તરીકે કાર્ય કરશે. હજારો એન્ટેનાની એક શૃંખલા જે એકલ ટેલિસ્કોપના સ્થાને છે.

(III) આ એન્ટેના દ.આફ્રિકા અને ઓસ્ટ્રેલિયાના દૂરસ્થ સ્થાનો પર સ્થાપિત કરાશે. ભારતે 1990ના દાયકામાં SKAOના વિકાસમાં તેની સ્થાપના બાદ ભાગ લીધો.

(IV) ભારતના પૂણે સ્થિત નેશનલ સેન્ટર ફોર રેડિયો એસ્ટ્રોફિઝિક્સ અને અન્ય સંસ્થાઓના માધ્યમથી SKAOમાં ભાગ લેશે.

**(*) કેરલ સરકાર દ્વારા K-SMART લોન્ચ કરવામાં આવ્યું.**

(I) K-SMART - કેરળ સોલ્યૂશન્સ ફોર મેનેજિંગ એડમિનિસ્ટ્રેટિવ રિફોર્મેશન એન્ડ ટ્રાન્સફોર્મેશન. એ કેરળની સ્થાનીય સ્વ-સરકારી સંસ્થાઓની તમામ સેવાઓ માટે એક એકીકૃત ડિજિટલ પ્લેટફોર્મ પર લાવશે.

(II) આ પ્લેટફોર્મ રાજ્ય IT વિભાગ દ્વારા બનાવાયું છે. જે શરૂઆતમાં નિગમો અને નગરપાલિકામાં લાગૂ કરાયા બાદ ક્રમશ: ગ્રામ પંચાયતોમાં લાગૂ કરાશે.

Current Affairs By C.H.Shingala

**[*] કુનો પાર્ક માદા ચિત્તાએ ત્રણ બચ્ચાને જન્મ આપ્યો.**

(I) નામિબિયાથી લાવવામાં આવેલ માદા ચિત્તા આશાએ શ્યોપુર સ્થિત કુનો નેશનલ પાર્કમાં ત્રણ બચ્ચાને જન્મ આપ્યા.
(II) કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવે સોશિયલ મીડિયાના માધ્યમથી આ માહિતી આપી.

**[*] GCAS - ગુજરાત કોમન એડમિશન સર્વિસિસ**

(I) ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા આ નવી પહેલ શરૂ કરવામાં આવી છે.
(II) ગુજરાતની 14 સરકારી યુનિવર્સિટીઓ સંલગ્ન સરકારી, અનુદાનીત તથા આત્મનિર્ભર કોલેજોમાં સ્નાતક, અનુસ્નાતક અને PH.D. કક્ષાના અભ્યાસક્રમમાં પ્રવેશ માટે આ પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરી શકાશે.

• GCAS પોર્ટલની વિશેષતા •

▷ માત્ર એક જ ક્લિકથી તમામ યુનિ.માં રજીસ્ટ્રેશન
▷ 2300થી વધુ સરકારી, અનુદાનિત તથા ખાનગી કોલેજોમાં પ્રવેશની કોમન અરજી.
▷ માત્ર 300 ₹ રજીસ્ટ્રેશન ફી
▷ યુનિ.ને એડમીશન પ્રક્રિયામાં સ્વાયત્તતા.
▷ વિદ્યાર્થી એક કરતા વધુ અભ્યાસક્રમમાં અરજી કરી શકે છે.

Current Affairs By C.H.Shingala

# * 5 જાન્યુઆરી ૨૦૨૫ *

## * સરકારે નરેગાના પૈસાની ચુકવણી માટે આધાર અનિવાર્ય બનાવ્યું.

(I) 1 જાન્યુ. ૨૦૨૫ થી નરેગા (NREGS) શ્રમિકોની મજૂરીની ચુકવણી માટે આધાર કાર્ડ ફરજિયાત બનાવવામાં આવ્યું.

(II) આ પ્રણાલી અંતર્ગત શ્રમિકોના આધાર નંબર તેમના જોબ કાર્ડ અને બેંકના ખાતા સાથે જોડવામાં આવશે. પરંતુ ગ્રામ પંચાયતોમાં ઈન્ટરનેટ સુવિધાના અભાવ કે નબળા નેટવર્કની સ્થિતિ માટે સરકાર અન્ય વિકલ્પ વિચારશે.

□ મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ □ ૨૦૦5 (મનરેગા)

▷ ૨૩ ઓગસ્ટ, ૨૦૦5 માં સંસદ દ્વારા પસાર કરાયા બાદ 2 ફેબ્રુઆરી, ૨૦૦6 થી તે લાગૂ થયા.

▷ ઓક્ટો. ૨૦૦૯માં, રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ ૨૦૦5માં સંશોધનથી તેનું નામ નરેગાથી મનરેગા કરાયું.

▷ મનરેગા અંતર્ગત પ્રત્યેક ગ્રામીણ પરિવારને એક નાણાકીય વર્ષમાં ઓછામાં ઓછા 100 દિવસની રોજગારની ગેરંટી આપવાનું પ્રાવધાન છે.

Current Affairs By C.H.Shangala

## * વાર્ષિક ક્ષમતા નિર્માણ યોજના - UGC

(I) UGC ના અધ્યક્ષ મમીડાલા જગદીશ કુમારે ક્ષમતા આયોગના સદસ્ય માનવ સંશાધન ડો. આર બાલાસુબ્રમણ્યમની ઉપસ્થિતિમાં કર્મચારી પ્રશિક્ષણ માટે આ યોજના શરૂ કરી. આ યોજનામાં કર્મચારીની કૌશલ્ય વૃદ્ધિ કરવામાં આવશે.

• ક્ષમતા નિર્માણ આયોગ •

▷ ૨૦૨૧માં સ્થાપિત સ્વતંત્ર સંસ્થા છે. જેના અધ્યક્ષ આદિલ ઝૈનુલભાઈ છે.

▷ આ આયોગમાં ત્રણ સભ્ય હોય છે. જેમાં શિક્ષણ, સાર્વજનિક, નાગરિક સમાજ જેવા ક્ષેત્રોના પૃષ્ઠભૂમિ ધરાવનાર સભ્ય હોય છે.

## * વિશ્વ બ્રેઈલ દિવસ - 4 જાન્યુઆરી

(I) લુઈ બ્રેઈલના જન્મદિનના પ્રતિક સ્વરૂપ આ દિવસ મનાવાય છે. જેમણે બ્રેઈલ લિપિનો આવિષ્કાર કર્યો હતો. (જન્મ 1809 ફ્રાંસ)

(II) સંયુક્ત રાષ્ટ્રના અભિપ્રાય બાદ 2019થી આ દિવસ મનાવાય છે.

(III) આ દિવસ નેત્રહિન અને આંશિક દ્રષ્ટિવાળા લોકોના માનવાધિકારોને મહત્વ આપવા અને તે ક્ષેત્રે જાગૃતતા વધારવા માટે મનાવાય છે.

(IV) બ્રેઈલ એક કોડ છે. જે સંસ્કૃત, અરબી, ચીની, હિબ્રૂ, સ્પેનિશ અને અન્ય ભાષાઓમાં લખવા તથા વાંચવા માટેનું એક ઉપકરણ છે.

(V) બ્રેઈલ પ્રત્યેક અક્ષર અને સંખ્યાઓનું પ્રતિનિધિત્વ કરવા માટે 6 બિંદુઓનો ઉપયોગ કરી વર્ણાનુક્રમિક અને સંખ્યાત્મક પ્રતીકોને એક સ્પર્શનીય કોડ તરીકે દર્શાવે છે.

## * નૃત્ય કલાનિધિ પુરસ્કાર

(I) શાસ્ત્રીય નૃત્યાંગના અને કોરિયોગ્રાફર વસંતલક્ષ્મી નરસિમ્હાચારીને ચેન્નઈમાં મ્યૂઝિક એકાદમીમાં 17મો નૃત્ય મહોત્સવમાં એડગાર પૈંગ ત્ઝે શિયાંગના હસ્તે આ પુરસ્કાર અપાયો.

(II) વસંતલક્ષ્મી અને તેમના દિવંગત પતિ એમ.વી. નરસિમ્હાચારી સિંગાપુર આર્ટ્સ એન્ડ ફાઈન સોસાયટીમાં નૃત્ય શિક્ષક હતા.

Current Affairs By C.J Shingala GCPSC

**(*) PM વિશ્વકર્મા યોજના લાગુ કરનાર જમ્મુ કાશ્મીર પ્રથમ કેન્દ્રશાસિત પ્રદેશ બન્યું.**

(I) આ યોજના શિલ્પકાર સમુદાયના કૌશલ્યને સશક્ત બનાવવા અને તેને આગળ લાવવાની એક પહેલ છે.

(II) શોપિયાંના ITI માં 'દર્જી શિલ્પ'માં 30 તાલીમાર્થીની પ્રથમ બેચના પ્રશિક્ષણ કાર્યક્રમનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું.

⊙ PM વિશ્વકર્મા યોજના ⊙

- ▷ કેન્દ્ર સરકારે સપ્ટેમ્બર ૨૦૨૩માં લોન્ચ કરી.
- ▷ મુખ્ય ઉદ્દેશ્ય PM વિશ્વકર્મા પ્રમાણપત્ર અને ID કાર્ડના માધ્યમથી કારીગરો અને શિલ્પકારોને ઓળખ આપવાનો.
- ▷ આ યોજનામાં 5 થી 7 દિવસની પ્રાથમિક તાલીમ આપવામાં આવશે.
- ▷ યોજના હેઠળ પ્રશિક્ષિત વિશ્વકર્માઓ માટે ₹15,000ના મુલ્યનું નિઃશુલ્ક આધુનિક ટૂલકિટ આપવામાં આવશે.

Current Affairs By C.H.Shingala UGPSC

**(*) મહારાષ્ટ્ર સરકારનું ડ્રોન મિશન**

(I) મહારાષ્ટ્ર સરકારે ડ્રોન તકનીકના ઉપયોગ માટે મહારાષ્ટ્ર ડ્રોન મિશન શરૂ કરવાનો નિર્ણય કર્યો.

(II) ભારતીય તકનીકી સંસ્થા IIT બોમ્બેના વિશેષજ્ઞોની ટીમ દ્વારા પાંચ વર્ષના સમય માટે આ યોજના તૈયાર કરી.

(III) ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ આપાતકાલીન સ્થિતિમાં દવાઓ સાથે સાથે જરૂરિયાતનો પ્રાથમિક સામાન પહોંચાડવા માટે થનાર છે.

(IV) ડ્રોનનો ઉપયોગ કેન્દ્રના રિમોટલી પાયલટેડ એરક્રાફ્ટ (RCA) ના સંચાલન દિશા નિર્દેશો સાથે કરવા માટેનો રાજ્ય સરકારે ડ્રાફ્ટ અધિસૂચિત કર્યો છે.

## [*] 6 જાન્યુઆરી, 2024 [*]

### [*] સરકારે તુવેર દાળ ઉગાડતા ખેડૂતો માટે ખરીદ પોર્ટલ લોન્ચ કર્યું

(I) ખેડૂતોને દાળ વેચવા અને તેમના જ ખાતામાં સીધા જ પૈસા મળી રહે તે માટે સહકારિતા મંત્રી અમિત શાહે આ પોર્ટલ લોન્ચ કર્યું.

(II) આ પોર્ટલ મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, તેલંગાણા, ગુજરાત, કર્ણાટક અને ઝારખંડમાં શરૂ કરવામાં આવશે.

(III) રજીસ્ટર થયેલા ખેડૂતો પાસેથી સરકાર બફર સ્ટોક માટે તુવેર ખરીદશે અને ન્યૂનતમ સમર્થન મૂલ્ય અથવા બજાર મૂલ્ય પ્રમાણે તેની ચૂકવણી કરશે.

(IV) પોર્ટલનો મુખ્ય ઉદ્દેશ્ય ખેડૂતો પાસેથી બફર સ્ટોકનો 80% જથ્થો ખરીદી આયાત ઘટાડવાનો છે.

### [*] શશિ સિંહ અખિલ ભારતીય રબર ઉદ્યોગ સંઘના અધ્યક્ષ

(I) તેઓ હાલના અધ્યક્ષ રમેશ કેજરીવાલનું સ્થાન લેશે.

(II) ભારતીય રબર ઉદ્યોગ સંઘ (AIRIA) ની સ્થાપના 1945માં થઈ હતી.

(III) AIRIA રબર ઉદ્યોગ અને વેપાર માટે એક સૌથી મોટી બિન લાભકારી અને બિન સરકારી સંસ્થા છે.

(IV) સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ્ય ઉદ્યોગના હિતોનું રક્ષણ કરવાનો અને તેને વિકસાવવાનો છે.

Current Affairs By C.H Shingala
Crack GPSC

ફ્રી
સરકારી નોકરીની તૈયારી માટે
FEE ની ચિંતા છોડો,
FREE તૈયારી કરો.
Crack G GPSC
ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ
CRACK GPSC
• અભ્યાસ/જોબ સાથે, ઘરે બેઠાં, ઓછા સમયમાં કોઈ પણ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરો. 76000 51070

## (*) શિક્ષા મંત્રાલયનો પ્રેરણા કાર્યક્રમ

(I) શિક્ષણ મંત્રાલયે સ્કૂલ શિક્ષણ અને સાક્ષરતા વિભાગના પ્રેરણા અને અનુભવ પર આધારિત આ કાર્યક્રમ શરૂ કર્યો.

(II) આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય તમામના નેતૃત્વના ગુણોને સશક્ત બનાવવાનો છે.

(III) પ્રેરણા 9 થી 12 ના વિદ્યાર્થીઓની પસંદગી કરી એક અઠવાડિયા સુધી ચાલનાર આવાસીય કાર્યક્રમ છે.

(IV) આ કાર્યક્રમની શરૂઆત ભારતના સૌથી પુરાતન શહેરોમાંના એક, ગુજરાતના મહેસાણામાં સ્થિત વડનગરમાં 1888માં સ્થાપિત વર્નાક્યુલર સ્કૂલથી થશે.

(V) પ્રેરણા કાર્યક્રમ માટે ગાંધીનગર IIT પાઠ્યક્રમ તૈયાર કરશે.

(VI) પાઠ્યક્રમના વિષયો - સ્વાભિમાન, વિનય, શૌર્ય, સાહસ, પરિશ્રમ, સમર્પણ, કરૂણા, સેવા, વિવિધતા, એકતા, સત્યનિષ્ઠા, શુચિતા, નવીનવિચાર, જિજ્ઞાસા, શ્રદ્ધા, વિશ્વાસ, સ્વતંત્રતા, કર્તવ્ય, વસુધૈવ કુટુમ્બકમ્.

Current Affairs By C.H.Shingala

## (*) બીચ ગેમ્સ- દીવના ઘોઘલા બીચ પર ઉદ્ઘાટન થયું.

(I) કેન્દ્રીય રમત મંત્રી અનુરાગ સિંહ ઠાકુરે ઉદ્ઘાટન કર્યું. આ કાર્યક્રમ 4 થી 11 જાન્યુઆરી સુધી ચાલશે.

(II) આ મહોત્સવનો ઉદ્દેશ્ય દેશના સમુદ્ર તટીય રાજ્ય અને કે. પ્રદેશો વચ્ચે ગેમ્સને વધારવાનો છે.

(III) હાલ આ રમતોત્સવમાં વિવિધ રાજ્ય અને કે. પ્રદેશના 1200થી વધુ ખેલાડીઓ ભાગ લેશે. જેમાં કુલ અલગ અલગ આઠ રમતો સમાવિષ્ટ થશે.

(IV) આ રમતોમાં વોલીબોલ, પેનકેક સિલાટ, બીચ બોક્સિંગ, બીચ સોકર, સમુદ્રી તરણ, મલખંભ, બીચ કબડ્ડી, રસ્સાખેંચનો સમાવેશ થશે.

(V) સમગ્ર કાર્યક્રમની થીમ - ડોલ્ફિન.

(VI) કાર્યક્રમનું સમાપન INS ખુકરી મેમોરિયલમાં આયોજિત થશે.

**(*) ઈન્ડિયા ઈન્ટરનેશનલ જ્વેલરી ટ્રેડ શો - IIJS ૨૦૨૪નું કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પિયૂષ ગોયલે મુંબઈ ખાતે ઉદ્ઘાટન કર્યું.**

(I) ભારતને ફેશન અને આભૂષણો માટે વિશ્વના ડિઝાઈન માર્કેટમાં સ્થાન આપવા માટે આ આયોજન કરાયું.

(II) મુંબઈ ખાતે આવનારા સમયમાં ૨૦ એકર જમીનમાં ઈન્ડિયા જ્વેલરી પાર્ક સહિતની વિશ્વ સ્તરીય પ્રાથમિક સુવિધાઓ વિકસિત કરવામાં આવશે.

(III) વર્ષ ૨૦30 સુધીમાં હાલનું ૫૫ બિલિયનનું આભૂષણ બજાર વધીને 134 બિલિયન ડોલર થવાની સંભાવના છે.

(IV) વર્ષ ૨૦૨૪માં આ શોની 16મી આવૃત્તિ છે. જેમ્સ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલના અધ્યક્ષ વિપુલ શાહ છે.

**(*) આસામ સરકારે 'ગુણોત્સવ ૨૦૨૪'નું આયોજન કર્યું.**

(I) રાજ્યના 35 જિલ્લાની 43,498 સરકારી શાળાના લગભગ 40 લાખ વિદ્યાર્થીઓની શિક્ષણ પ્રદર્શન ક્ષમતા દર્શાવવા તથા મૂલ્યાંકન માટે ગુણોત્સવ આયોજિત થયો.

(II) મૂલ્યાંકનમાં રાજ્યના મુખ્યમંત્રી, વિધાયક, મુખ્ય સચિવ, કોલેજના પ્રોફેસરો અને સરકારી અધિકારીઓ સામેલ થશે.

(III) વર્ષ ૨૦17માં પ્રથમવાર ગુણોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

Current Affairs By CH Singala

કરન્ટ અફેર્સ

Crack GPSC

Daily કરન્ટ અફેર્સ PDF આપને ટેલિગ્રામ ચેનલમાં મળશે.

/CrackGPSCapp

# ✱ 7 જાન્યુઆરી - 2024 ✱

## ✱ કેન્સર રોધક દવા કેમ્પ્ટોથેસિન

I. IIT મદ્રાસ અને IIT મંડીએ કેન્સર રોધક દવા એક છોડની કોશિકાઓમાં કેમ્પ્ટોથેસિનનું ઉત્પાદન વધારવા માટે સંશોધન કર્યું.

II. કેમ્પ્ટોથેસિન (CPT) નાથાપોડાઈટ્સ નિમોનિયાના નામક લુપ્તપ્રાય છોડમાંથી બનાવાય છે.

III. 1 ટન CPT નું ઉત્પાદન કરવા માટે લગભગ 1000 ટન છોડની સામગ્રીની જરૂર પડે છે. પરંતુ હાલ આ છોડ IUCN ની રેડ લિસ્ટમાં સામેલ છે.

IV. છોડની કોશિકાઓના ઉપયોગથી દવાના નિર્માણના કારણે છોડના નાશપ્રાયઃ થવાનો ભય ઘટી જાય છે.

## ✱ વિશ્વ યુદ્ધ અનાથ દિવસ - 06 જાન્યુઆરી

I. વિવિધ યુદ્ધોના કારણે અનાથ થયેલા બાળકોના કારણે અને તેમની સામેની ભાવનાત્મક, સામાજિક અને શારીરિક બાબતોના વિક્ષોભને ઉજાગર કરવા માટે આ દિવસ મનાવાય છે.

II. વર્ષ 2023ની થીમ- 'અનાથોનું જીવન મહત્વ ધરાવે છે.'

III. આ દિવસની સ્થાપના ફ્રાંસીસી સંગઠન SOS એનફેંટ્સ એન ડિસ્ટ્રેસે કરી છે.

IV. UNICEF દ્વારા એક અનાથને 18 વર્ષથી ઓછી ઉંમર માટે વ્યાખ્યાયિત કરવામાં આવે છે. જેણે કોઈ પણ કારણોસર માતા અથવા પિતા અથવા બંને ગુમાવ્યા હોય.

GPSC Current Affairs By C.H.Shingala

## [*] ઈન્દ્રમણિ પાંડે- BIMSTEC ના મહાસચિવ બન્યા

[I] ભારતીય અનુભવી રાજનૈતિક ઈન્દ્રમણિ પાંડે આ પદ સંભાળનાર પ્રથમ ભારતીય અધિકારી બન્યા. જે ઓ 1990 બેચના IFS અધિકારી છે.

[II] તેઓ જિનિવામાં UN અને અન્ય આંતરરાષ્ટ્રીય સંગઠનોમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ તરીકે કાર્યરત હતા. અને તેઓ BIMSTEC ના મહાસચિવ ભૂતાનના તેનજિન લેકફેલનું સ્થાન લેશે.

⊙ BIMSTEC (Bay of Bengal Initiative for Multi-Sectoral Technical and Economic Cooperation)

▷ દક્ષિણ એશિયા અને દક્ષિણ એશિયાઈ દેશોનું આંતરરાષ્ટ્રીય સંગઠન છે.

▷ બાંગ્લાદેશ, ભૂતાન, ભારત, મ્યાનમાર, નેપાળ, શ્રીલંકા અને થાઈલેન્ડ તેના સભ્યો છે. જેની સ્થાપના 6 જૂન 1997 માં બેંગકોક ડિક્લેરેશન હેઠળ થઈ હતી. નેપાળ અને ભૂતાન 2004માં જોડાયા.

▷ મુખ્યાલય - ઢાંકા, બાંગ્લાદેશ.

## [*] પશ્ચિમ બંગાળની 5 વસ્તુઓને GI Tag અપાયો.

[1] રાષ્ટ્રીય GI ડ્રાઈવ મિશનના ભાગ રૂપે. પ.બંગાળ ના સુંદરવન મધ, કાળા ચોખા, તંગેલ, ગારોડ અને કાદિયાલ સાડીને GI માં સ્થાન અપાયું.

[II] સુંદરવન મધ 'મૌલી' સમુદાય દ્વારા એકઠું કરવામાં આવે છે. પ.બંગાળ વન વિકાસ નિગમ લિમિટેડ દ્વાર અરણ્ય જનાં માટે ફરવામાં આવતી હતી. જેને પ.બંગાળમાં 'મૌબન' બ્રાંડ થી વેચવામાં આવે છે.

[III] ચોખાને 'પ્રિન્સ ઓફ રાઈસ'થી ઓળખવામાં આવે છે જે જલપાઈગુડીમાં ઉગાડવામાં આવે છે. કડિયાલ સાડી માત્ર પ.બંગાળના મુર્શિદાબાદના મિર્ઝાપુરમાં બનાવાય છે. તાંગેલ અને ગારોદ પણ ખાસ ક્ષેત્રની પ્રખ્યાત સાડી છે.

[IV] હાલ ભારતમાં વિવિધ વિસ્તારોની થઈ [504] વસ્તુઓને GI Tag અપાયો છે.

Current Affairs By G.H.Shingala GPSC

## [*] પૃથ્વી વિજ્ઞાન યોજના - પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય.

I. કેન્દ્રીય મંત્રીમંડળે 2021-26 ના સમય માટે આ યોજનાને મંજૂરી આપી છે.

II. પૃથ્વી વિજ્ઞાન યોજના પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયના વિવિધ સંસ્થાનોમાં એકીકૃત બહુવિષયક કાર્યક્રમોને સક્ષમ બનાવશે.

III. જલવાયુ, મહાસાગર, ક્રાયોસ્ફીયર, ભૂકંપ વિજ્ઞાન. જેવી બાબતોના સમાધાનના મુદ્દાઓ આ યોજનામાં ધ્યાને લેવામાં આવશે.

IV. પૃથ્વી એક વ્યાપક યોજના છે જેમાં વિવિધ પાંચ ઉપયોજનાઓ સામેલ છે.

- વાયુમંડળ અને જલવાયુ અનુસંધાન મોડલિંગ અવલોકન પ્રણાલી અને સેવા (ACROS)
- મહાસાગર સેવાઓ, મોડલિંગ, અનુપ્રયોગ, સંસાધન અને તકનીકી (ઓ-સ્માર્ટ)
- ધ્રુવીય વિજ્ઞાન અને ક્રાયોસ્ફીયર અનુસંધાન (પેસર)
- ભૂકંપ વિજ્ઞાન અને ભૂવિજ્ઞાન (SAGE)
- અનુસંધાન, શિક્ષણ, પ્રશિક્ષણ અને આઉટરીચ (રીચઆઉટ)

Crack GPSC
Current Affairs By C.H.Shingala

## [*] ISRO એ અંતરીક્ષમાં વીજળી ઉત્પન્ન કરતા ઇંધણ સેલનું સફળ પરીક્ષણ કર્યું.

I. હાઈડ્રોજન અને ઑક્સિજનનો ઉપયોગ કરી આ સેલ વીજ ઉત્પન્ન કરી શકે છે.

II. આ સેલને 1 જાન્યુઆરીએ PSLV ના ચોથા ચરણમાં અંતરીક્ષમાં મોકલવામાં આવ્યો હતો; જેનાથી 180W વીજળી ઉત્પન્ન થઈ હતી.

III. આ સેલ તેની બાય પ્રોડક્ટ તરીકે ગરમી અને પાણી ઉત્પન્ન કરે છે. આ સેલની ડિઝાઈન વિક્રમ સારાભાઈ અંતરીક્ષ કેન્દ્ર દ્વારા કરવામાં આવી છે.

IV. સેલ એક સિલિકોન-ગ્રેફાઈટનો મિશ્રણનો ઉપયોગ કરે છે. જ્યારે પરંપરાગત લિ.-આયન સેલ એનોડ તરીકે શુદ્ધ ગ્રેફાઈટનો ઉપયોગ કરે છે.

**(*) ભારતના ત્રણ શહેરોને વેટલેન્ડ સાઈટ માટે નામાંકિત કરવામાં આવ્યા.**

[I] વેટલેન્ડ્સ પરના રામસર કન્વેંશન અંતર્ગત આંતરરાષ્ટ્રીય વેટલેન્ડ્સ શહેરો તરીકે ભારતના ઈન્દોર, ભોપાલ અને ઉદયપુરને નામાંકિત કરવામાં આવ્યા.

[II] વર્ષ ૨૦૧૫માં આયોજિત COP12 અંતર્ગત રામસર કન્વેંશનમાં સ્વૈચ્છિક વેટલેન્ડ સિટી સ્થાપિત કરવાની અરજી કરવાને મંજૂરી આપવામાં આવી. જે અંતર્ગત સ્થાનિક પ્રશાસન અરજી કરી શકે છે.

[III] વેટલેન્ડમાં સમાવેશથી જે-તે વિસ્તારમાં પૂર સમસ્યા નિવારણ, આજીવિકામાં વધારો, મનોરંજન, સાંસ્કૃતિક મૂલ્યો જેવી બાબતોનો લાભ મળે છે.

[IV] સિરપુર, યશવંત સાગર રામસર સાઈટ ઈન્દોર ખાતે, ભોજ રામસર ભોપાલ ખાતે તથા પિછોલા, ફતેહસાગર, રંગ સાગર, સ્વરૂપ સાગર, દૂધ તળાવ એ ઉદયપુરના રામસરોમાંના અગત્યના સ્થળો છે.

Current Affairs By C.H.Shingala

**(*) ભારતની રમકડાં નિકાસ 326 મિલિયન ડોલર થઈ.**

[I] વર્ષ ૨૦૧૪-૧૫માં થયેલ 96 મિલિયન ડોલરની નિકાસ સામે વર્ષ 2022-23માં 326 મિલિયન ડોલરની નિકાસ ભારતીય રમકડાંની થઈ.

(II) 'ભારતમાં બનેલ રમકડાંની સફળતાની કહાની' પરના કેસ સ્ટડી અનુસાર આયાત શુલ્કમાં વધારો અને ગુણવત્તા નિયંત્રણના કારણે રમકડાં આયાતમાં ઘટાડો તથા નિકાસમાં વધારો થયો.

# * ૪ જાન્યુઆરી - ૨૦૨૫ *

## [*] ઉષ્ણકટિબંધીય ચક્રવાત 'ચિડો' - મડાગાસ્કર

[I] મડાગાસ્કરના મોરોન્ડાવા નજીક 'ડિકેલેડી' ચક્રવાત જોવા મળ્યું.

[II] મોરોન્ડાવા પ્રાંત વિસ્તારની મુખ્ય સમસ્યા વરસાદી પાણીને સમુદ્ર સુધી નિકાલ વ્યવસ્થાની છે.

[III] આ ઉપરાંત મડાગાસ્કરના ઉત્તરપૂર્વી વિસ્તારમાં 'ચિડો' દક્ષિણ-પૂર્વી વિસ્તારમાં 'ફિડો' નામક ચક્રવાત જોવા મળ્યા.

(યાદ રાખો)

- અમેરિકામાં ચક્રવાતને – હરિકેન
- ફિલિપાઈન્સ અને જાપાનમાં – 'ટાઈફૂન'
- ઓસ્ટ્રેલિયામાં – વિલી-વિલી

} કહે છે.

## [*] ભારતીય ઓલિમ્પિક સંઘના મુખ્ય કાર્યકારી અધિકારી રઘુરામ અય્યર

[I] તેઓ મતદાન વગર કાર્યકારી પરિષદના સભ્ય બનતા તેઓ ચૂંટાયેલા નહીં પરંતુ વેતન મેળવનાર અધિકારી તરીકે કામ કરશે.

[II] ભારતીય ઓલિમ્પિક સંઘ ભારતમાં ઓલિમ્પિક અને નેશનલ ગેમ્સની સંચાલક સંસ્થા છે.

[III] ઓલિમ્પિકમાં પ્રતિનિધિત્વ કરનાર ભારતીય ખેલાડીઓની પસંદગી આ સમિતિ દ્વારા થાય છે.

ફ્રી સરકારી નોકરી માટેની તૈયારી
Crack G GPSC
ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ
CRACK GPSC
FEE ની ચિંતા છોડો, FREE તૈયારી કરો. 76000 51070

## [*] ભારત અને સાઉદી અરબ વચ્ચે હજ બાબતે દ્વિપક્ષીય કરાર

[I] બંને દેશોએ સંબંધોને મજબૂત બનાવવા અને તીર્થયાત્રીઓની ભલાઈ માટે તથા પ્રાથમિક સુવિધાઓ આપવા આ કરાર કર્યા.

[II] આ કરાર કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની અને સાઉદીના હજ અને ઉમરા બાબતના મંત્રી ડૉ. તૌફીક બિન ફૌઝાન અલ રબિયાએ હસ્તાક્ષર કર્યા.

[III] વર્ષ ૨૦૨૪માં ભારતમાંથી કુલ 1,75,025 હજ યાત્રીઓને ફાયનલ કરાયા છે.

[IV] આ કરાર ભારતીય મુસ્લિમ તીર્થયાત્રીઓ માટે નિર્બાધિત રીતે તીર્થયાત્રાના અનુભવનું એક મહત્વપૂર્ણ કદમ છે.

## [*] શેખ હસીના પાંચમી વાર બાંગ્લાદેશના પ્રધાનમંત્રી બનશે

[I] શેખ હસીનાની આવામી લીગે 165 સીટ પર જીત મેળવતા તેઓ પ્રધાનમંત્રી બનશે.

[II] બાંગ્લાદેશ ચૂંટણી આયોગના આંકડા અનુસાર 40% મતદાન થયું. અને બાંગ્લાદેશની નેશનલિસ્ટ પાર્ટી તથા તેની સહાયક પાર્ટીઓએ ચૂંટણીનો બહિષ્કાર કર્યો હતો.

Current Affairs By C.H. Chhingala GPSC

## [*] પ્રથમ આંતર્દેશીય જળમાર્ગ વિકાસ પરિષદ - કોલકાતા ખાતે.

[I] કેન્દ્રીય મંત્રી સર્બાનંદ સોનોવાલે હરિત નૌકા, આંતર્દેશીય જહાજોના હરિત પારગમન દિશા નિર્દેશોના અનાવરણ સાથે આ પરિષદનું ઉદ્ઘાટન કર્યું.

[II] બંદર મંત્રાલય અનુસાર જલ પરિવહનમાં 2% થી વધીને 5% સુધીના વધારાનો લક્ષ્યાંક આપવામાં આવ્યો છે. તથા 2047 સુધીમાં આંતર્દેશીય જલ પરિવહન કાર્ગોની ક્ષમતા 120 મિલિયન ટન પ્રતિવર્ષથી વધારી 500 કરવાનો પણ લક્ષ્યાંક છે.

## [*] બરફી ચિત્તો - રાષ્ટ્રીય પ્રતિક (કિર્ગિસ્તાન)

[I] કિર્ગિસ્તાને આધિકારિક રીતે સ્નો લેપર્ડ (બરફી ચિત્તા) ને રાષ્ટ્રીય પ્રતીક જાહેર કર્યો. જેને પેન્થેરા ટી ઓળખવામાં આવે છે.

[II] પ્રશાસન અનુસાર હિમ ચિત્તા ન માત્ર પ્રાકૃતિક સંપત્તિ અને સંસ્કૃતિની સમૃદ્ધિનું પ્રતીક છે પરંતુ પર્વતીય પારિસ્થિતિકી તંત્રની સ્થિરતા અને સ્વાસ્થ્યના સંકેતનું પણ પ્રતીક છે.

[III] હિમ ચિત્તા અફઘાન, ભૂટાન, ચીન, ભારત, કઝાકિસ્તાન, કિર્ગિઝ ગણરાજ્ય, મંગોલિયા, નેપાળ, પાક., રશિયા, તજાકિસ્તાન, ઉઝબેકિસ્તાનમાં જોવા મળે છે.

## [*] વિદેશ મંત્રાલયના પ્રવક્તા - રણધીર જયસ્વાલ

[I] અરિંદમ બાગચીનું સ્થાન જયસ્વાલ લેશે.

[II] અગાઉ વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીરે જુલાઈ ૨૦૨૦ માં ન્યૂયોર્કમાં મહાવાણિજ્ય દૂત તરીકે કાર્ય કરેલ છે. તથા તેઓએ પોર્ટુગલ, ક્યૂબા, દ. આફ્રિકા, ન્યૂયોર્કમાં ભારતના વિવિધ સ્થાયી મિશનોમાં કામ કર્યું છે.

## [*] ભારતનું સૌથી વયોવૃદ્ધ ભાલૂ (રીંછ)નું નિધન

[I] ભોપાલના વન વિહાર રાષ્ટ્રીય ઉદ્યાનમાં એક 36 વર્ષીય નર સ્લોથ રીંછ 'બબલૂ'નું તમામ અંગોની વિફળતાના કારણે નિધન થયું. બબલૂ, કેદમાં રખાયેલ ભારતનું સૌથી મોટી ઉંમરનું રીંછ હતું.

[II] ૨૦૦6માં 19 વર્ષીય બબલૂને રાજસ્થાનમાં એક 'મદારી'થી બચાવીને ભોપાલ ખાતે મોકલાયું.

[III] જંગલમાં રીંછની સામાન્ય ઉંમર ૨5 થી 30 વર્ષ હોય છે. હાલ બબલૂ બાદ 'ગુલાબો' નામક રીંછ સૌથી મોટી ઉંમરનું રીંછ બન્યું છે.

[IV] વન વિહાર ઉદ્યાન ભોપાલમાં છે જેને 1979માં સ્થાપિત કરાયું. જ્યાં બે શ્રેણીમાં કેદી બનાવાયેલ અને શાકાહારી એમ પ્રાણીઓ વસે છે.

Current Affairs By C.F. Chhingala
Oracle GPSC

# * 1 જાન્યુઆરી - 2024 *

## * પૃથ્વીનું પરિભ્રમણ દિવસ - 8 જાન્યુઆરી.

I. ફ્રાંસીસી ભૌતિક વિજ્ઞાની લિયોન ફોકોલ્ટ દ્વારા પૃથ્વીને તેની ધરી પર ફરવા માટેની માહિતી આપવાની બાબતને આ દિવસ તરીકે મનાવાય છે.

II. 1851માં પૃથ્વીના પોતાની ધરી પરના ભ્રમણને ફોકોલ્ટે પેંડુલમના ઉપયોગથી પ્રયોગ દ્વારા સાબિત કર્યું. જેથી તે ફોકોલ્ટ પેંડુલમથી ઓળખાય છે.

III. ઈ.સ. પૂર્વે 470માં યુનાનીઓએ પૃથ્વી તેની ધરી પર ફરતી હોવાની બાબતે માહિતી આપી હતી.

## * ONGCએ કૃષ્ણા ગોદાવરી બેસિનમાં તેલ ઉત્પાદન શરૂ કર્યું.

I. ONGC એ બંગાળની ખાડીમાં તેની ઊંડા સમુદ્ર પરિયોજના અંતર્ગત આ શરૂઆત કરી.

II. પ્રતિદિન 45 હજાર બેરલ અને પ્રતિ દિન 10 મિલિયન માનક ઘન મીટરથી વધુનું ગેસ ઉત્પાદન કરી શકાશે. જેનાથી વર્તમાન રાષ્ટ્રીય તેલ ઉત્પાદન અને પ્રાકૃતિક ગેસ ઉત્પાદન ક્ષમતામાં 7% નો વધારો થશે.

• ONGC- Oil and Natural Gas cooperation.

▷ સ્થાપના- 1956, વડુંમથક - નવી દિલ્લી.

▷ રચના પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલય અંતર્ગત

▷ અધ્યક્ષ અને CEO - અરુણ કુમાર સિંહ

▷ મહારત્નનો દરજ્જો - 2010માં

GPSC Current Affairs By C.H.Shingala

**81 મો ગોલ્ડન ગ્લોબ સમારંભ - ઓપનહાઈમરને 5 અવોર્ડ.**

I. હોલીવૂડના વાર્ષિક અવોર્ડ ગોલ્ડન ગ્લોબ 2024માં ઓપનહાઈમરને બેસ્ટ મૂવી (ડ્રામા) અને બેસ્ટ ઓરિજનલ સ્કોર (મોશન પિક્ચર) માટે પુરસ્કાર અપાયો.

II. સાથે જ ઓપનહાઈમર માટે ક્રિસ્ટોફર નોલાન બેસ્ટ ડાયરેક્ટર, કિલિયન મર્ફી બેસ્ટ એક્ટર અને રોબર્ટ ડાઉની જુનિયર બેસ્ટ સપોર્ટિંગનો પુરસ્કાર મળ્યો.

III. 81માં અવોર્ડમાં બેસ્ટ એક્ટ્રેસ (ડ્રામા)નો ખિતાબ કિલર ઓફ ધ ફ્લાવર મૂનની અભિનેત્રી લિલી ગ્લેડસ્ટનને મળ્યો.

**કેન્સરની માહિતી મેળવવા AI નો ઉપયોગ થશે.**

I. ભારતની સૌથી મોટી કેન્સર હોસ્પિટલ, મુંબઈની ટાટા મેમોરિયલ હોસ્પિટલે કેન્સરના ઈલાજ માટે AI નો ઉપયોગ શરૂ કર્યો.

II. હોસ્પિટલ દ્વારા કેન્સર વિશિષ્ટ અલ્ગોરિધમ બનાવવા ડીપ લર્નિંગનો ઉપયોગ કરી રહી છે. જે પ્રારંભિક સ્તરના કેન્સરની માહિતી આપશે

III. વિવિધ કેન્સરની વિશેષતાઓને ઓળખવા AI રેડિયો-લોજિકલ અને પેથોલોજીકલ ડેટા તૈયાર કરવામાં આવશે.

**કેન્દ્રીય સ્વાસ્થ્યમંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ ઉજ્જૈનમાં પ્રસાદમનું ઉદ્ઘાટન કર્યું.**

I. પ્રસાદમ ભારતની પ્રથમ સ્વસ્થ અને સ્વચ્છ ફૂડ સ્ટ્રીટ છે. જે મધ્યભારતના મધ્યપ્રદેશના ઉજ્જૈનમાં નીલકંઠ વન, મહાકાલ લોકમાં 939 ચોરસ મીટરના ક્ષેત્રમાં 17 દુકાનો સાથે સ્થિત છે.

II. પ્રસાદમ ખાતે પાણીની સુવિધા, ક્રિડાંગણ, CCTV, સાર્વજનિક સુવિધાઓ પણ અપાશે.

GPSC Current Affairs By C.H.Shingala

## [*] પ્રવાસી ભારતીય દિવસ- ૯ જાન્યુઆરી

[I] ભારતના વિકાસમાં પ્રવાસી ભારતીય સમુદાયના યોગદાનને દર્શાવવા માટે આ દિવસ મનાવાય છે.

[II] 1915માં મહાત્મા ગાંધી દક્ષિણ આફ્રિકાથી ભારત ૯ જાન્યુ.એ પરત ફર્યા તે દિવસને પ્રવાસી ભારતીય દિવસથી મનાવાય છે. આ દિવસ પ્રથમવાર વર્ષ 2003માં મનાવાયો હતો.

[III] 2003 થી 2015 સુધી આ દિવસ દર વર્ષે મનાવાતો હતો જે 2015થી દર બે વર્ષે એકવાર મનાવાની શરૂઆત કરાઈ.

[IV] 17 મો પ્રવાસી ભારતીય દિવસ [2023] મધ્યપ્રદેશના ઈન્દોરમાં આયોજિત કરવામાં આવ્યો હતો.

[V] વર્ષ [2023]ની થીમ: 'પ્રવાસી: અમૃત કાલમાં ભારતની પ્રગતિ માટે વિશ્વસનીય ભાગીદાર' હતી.

## [*] આંતરરાષ્ટ્રીય પર્પલ ઉત્સવ - 2024 ગોવા ખાતે.

[I] ગોવા સરકારના સમાજ કલ્યાણ નિર્દેશાલયના સહયોગથી રાજ્ય દિવ્યાંગજન આયુક્ત કાર્યાલય આ ઉત્સવનું આયોજન કરે છે.

[II] આ કાર્યક્રમ ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયના દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ દ્વારા સમર્થિત છે.

[III] આ ઉત્સવનો ઉદ્દેશ્ય સંગીત, નૃત્ય. અને મનોરંજનમાં આકર્ષક પ્રદર્શનના માધ્યમથી દિવ્યાંગજનોની પ્રતિભાને પ્રદર્શિત કરવાનો છે.

[IV] પર્પલ એન્થમ 'ધૂમલ' આ ઉત્સવના ઉદ્ઘાટન મહોત્સવનું મુખ્ય આકર્ષણ હતું.

[V] ગોવાના મુખ્યમંત્રી- ડો. પ્રમોદ સાવંત
કેન્દ્રીય સામાજિક ન્યાય અને અધિકારિતા રાજ્ય મંત્રી - શ્રી રામદાસ આઠવલે.

GPSC Current Affairs By C.T.Shirsala

# [*] 10 જાન્યુઆરી - 2024 [*]

## [*] પર્યટન માટેના સ્ત્રોતની બાબતમાં શ્રીલંકામાં ભારત પ્રથમ.

[I] વર્ષ 2023માં 1.487 મિલિયન પર્યટકો શ્રીલંકા પહોંચ્યા જેમાં 20% થી વધુ ભારતીયો હતા.

[II] કુલ મળીને 2023માં 3 લાખ થી વધુ ભારતીયોએ શ્રીલંકાની મુલાકાત કરી. અને ત્યારબાદ 1.97 લાખ સાથે રશિયા બીજા સ્થાને રહ્યું.

[III] આ પર્યટનથી શ્રીલંકાને 2.1 બિલિયન અમેરિકી ડોલરનું યોગદાન મળ્યું જે આગળના વર્ષમાં 1.1 બિલિયન ડોલર હતું.

[IV] મન્નાર અને ચેન્નઈ વચ્ચે હવાઈ સેવા તથા નાગપટ્ટિનમ (ભારત (ત.નાડુ)) અને કાંકેસંથુરાઈ (શ્રીલંકા) વચ્ચેની નૌકા સેવા પણ ઈકોનોમીને વધારવામાં મહત્વના રહ્યા.

## [*] ભારતના સૌથી મોટા વૈશ્વિક વ્યાપાર શોનું ગાંધીનગર ખાતે પ્રધાનમંત્રી મોદીએ ઉદ્ઘાટન કર્યું.

[I] વર્ષ 2024ના વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના એક દિવસ અગાઉ આ શોનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું.

[II] આ વૈશ્વિક વ્યાપાર શો ભારતનો અત્યાર સુધીનો સૌથી મોટો વૈશ્વિક વ્યાપાર શો છે. જેમાં 100 દેશોના અતિથિઓ તરીકે જ્યારે 33 દેશો ભાગીદાર તરીકે ભાગ લેશે.

[III] વ્યાપાર શોમાં અંદાજે 450 MSME સંસ્થાઓ પણ ભાગ લેશે. તથા વિવિધ વિષયોને સમર્પિત અલગ અલગ 13 હોલમાં આ શો આયોજિત થશે.

[o] 10 જાન્યુઆરી, 2024 એ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે 10માં વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનું UAEના રા.પતિ શેખ મોહમ્મદ બિન જાયદ અલ નાહયાન અને વડાપ્રધાન મોદી ઉદ્ઘાટન કરશે.

Current Affairs By C.H.Shingala GPSC

**[*] IAF C-130 ગરુડ કમાંડો સાથે કારગિલમાં ઉતર્યું.**

[I] ભારતીય વાયુ સેના એ C-130 સુપર હરક્યુલસ વ્યૂહાત્મક પરિવહન વિમાન ગરુડનું વિશેષ દળો સાથે કારગિલમાં ઉન્નત લેંડિંગ ગ્રાઉન્ડમાં ઉતરાણ કર્યું.

[II] અગાઉ બે વાર આ જ સ્થાન પર દિવસે લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. પરંતુ આ વખતે પ્રથમવાર રાત્રિ દરમિયાન લેન્ડિંગ કરવામાં આવ્યું.

[III] આ લેન્ડિંગ કારગિલના 10,000 ફૂટ ઊંચાઈએ આવેલા ALG પોઈન્ટ પર કરાયું છે જે સામાન્ય રીતે એક પ્રતિબંધિત હવાઈ પટ્ટી છે (ALG - Advanced Landing Ground)

[IV] જૂન 2009માં ભારતીય વાયુ સેનાએ અરૂણાચલ પ્રદેશમાં આઠ ALG ને અપગ્રેડ કરવાની યોજના શરૂ કરી હતી.

[V] ગરુડ કમાંડો એ ભારતીય વાયુ સેનાનું એક વિશેષ સૈન્ય દળ છે. જેની સ્થાપના સપ્ટેમ્બર, 2004માં થઈ હતી.

Current Affairs By C.H.Shingala GPSC

**[*] ફ્રાંઝ બેકનબોયર ફૂટબોલ ખેલાડીનું 78 વર્ષની વયે જર્મનીમાં નિધન.**

[I] ફ્રાંઝ ફૂટબોલના મહાન ખેલાડી તરીકે ઓળખાતા હતા. જેમને જર્મનીમાં 'કૈસર' અર્થાત 'સમ્રાટ' તરીકે ઓળખવામાં આવતા.

[II] તેઓએ 1972ની યુરોપીય ચેમ્પિયનશિપ અને ત્યાર બાદના વિશ્વકપની જીતમાં મહત્વનો ફાળો આપ્યો હતો.

[III] 1970ના દશકમાં ફ્રાંઝની બાયર્ન મ્યૂનિખ ટીમ દુનિયાની સર્વશ્રેષ્ઠ ક્લબ ટીમ હતી.

[IV] તેમને બે વાર વર્ષના યુરોપીય ફૂટબોલર જાહેર કરાયા હતા.

**[*] ઈકોનોમીમાં 'સુપર સાઈકલ' સ્થિતની ચર્ચા**

આ મુદ્દો આવનારી મુખ્ય પરીક્ષાઓ માટે ખાસ

[I] વિશ્વની અર્થવ્યવસ્થા હાલ સુપર સાઈકલની સ્થિતિમાં છે.

[II] સુપર સાઈકલ એ ઝડપી આર્થિક વિસ્તરણનો લાંબો સમયગાળો છે. જેમાં ઘણીવાર પરિણામ રૂપ GDPમાં વધારો થાય છે. અને મજબૂત માંગને કારણે કિંમત અને રોજગાર પણ વધે છે.

[III] ઓપન હાઈમરના અનુસાર સુપર સાઈકલની શરૂઆત 1980ના દાયકાથી શરૂ થઈ. આ સમયમાં ડી-રેગ્યુલેશન અને ખાનગીકરણ વધ્યું. જ્યારે રાજકીય અને ભૌગોલિક જોખમો ઘટતાં વૈશ્વિકીકરણમાં વધારો થયા.

[IV] હાલની સુપર સાઈકલની સ્થિતિમાં વ્યાજદર અને મોંઘવારીમાં નાનો એવો ઘટાડાની અપેક્ષા દેખાઈ રહી છે પરંતુ રશિયા, યુક્રેન યુદ્ધ અને અમેરિકા-ચીન વચ્ચેના વેપાર તણાવને કારણે ખૂબ મોટાં પ્રમાણમાં ઘટાડો થાય તેવાં સંજોગો નથી.

**[*] WHOએ આયુષ શબ્દાવલિ આંતરરાષ્ટ્રીય સૂચિમાં સામેલ કરતાં ભારતીય નામોને દુનિયામાં ઓળખ મળશે.**

[I] બીમારીઓનાં ભારતીય નામોને વૈશ્વિક ઓળખ આપવામાં મોટી સફળતા પ્રાપ્ત થઈ છે. હવેથી અમેરિકા, ચીન, જાપાન અને UK સહિત દુનિયાના દેશો તાવથી લઈ અન્ય તમામ બીમારીઓનાં ભારતીય નામો જાણી શકશે. અને તેનો સંશોધનોમાં પણ ઉલ્લેખ કરી શકશે.

[II] WHOએ ઈન્ટરનેશનલ ક્લાસિફિકેશન ઓફ ડિસીસ નામક એક યાદી તૈયાર કરી છે. જેમાં ભારતીય પારંપારિક ચિકિત્સાની શબ્દાવલિને સામેલ કરી છે.

[III] આયુર્વેદ, યુનાની, સિદ્ધ અને હોમિયોપેથી સહિત સારવારમાં રોગના થયેલાં વર્ગીકરણને આ યાદીમાં સ્થાન અપાયું છે.

[IV] દા.ત. વર્ટિગો ગિડિનેસ ડિસઓર્ડર - આયુર્વેદમાં ભ્રમ:, સિદ્ધમાં અજલ કિરુકિરુપ્પુ, યુનાનીમાં સદ્ર-ઓ-દુવાર તરીકે ઓળખવામાં આવે છે.

[V] આયુષ મંત્રાલયે હાલમાં નેશનલ આયુષ મોર્બિડિટી એન્ડ સ્ટાન્ડર્ડાઈઝ્ડ ઈલેક્ટ્રોનિક પોર્ટલ (નમસ્તે) લોન્ચ કર્યું. જેમાં ભારતીય બિમારીઓના નામનું કોડિંગ કરવામાં આવ્યું છે.

Current Affairs By C.H.Bhingradia GPSC

## [*] વાઈબ્રન્ટ સમિટ-2024 : ઉજ્જવળ ભવિષ્યનું દ્વાર

[I] વર્ષ 2003માં તત્કાલીન મુખ્યમંત્રી અને અત્યારના ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ગુજરાતને વિવિધ ઔદ્યોગિક ક્ષેત્રે 'રોકાણ માટેની પ્રથમ પસંદગીનું સ્થળ' બનાવવાના પ્રયાસ સ્વરૂપ વાઈબ્રન્ટ સમિટને વર્ષ 2024માં 10મી વાર આયોજિત કરવામાં આવ્યો.

[II] દ્વિવાર્ષિક ધોરણે આયોજિત થતો આ સમિટ ગુજરાતની માત્ર ઉદ્યોગસાહસિક ભાવનાને જ ઉજાગર નથી કરતો પરંતુ અર્થપૂર્ણ વાર્તાલાપોને પ્રોત્સાહન આપી ઉદ્યોગકારોને તેમનાં ઔદ્યોગિક એકમો શરૂ કરવા માટે પ્રેરણાબળ પૂરૂ પાડે છે.

[III] બે દાયકાની આ સમિટની સફરમાં વર્ષ 2002-03માં રાજ્યની GDP રૂ. 1.42 લાખ કરોડ હતી જે વધીને 2022-23માં રૂ. 22.61 લાખ કરોડની થઈ. આ સિવાય ગુજરાત ભારતની 5% વસ્તી સાથે દેશની GDPમાં 8.3% અને ઔદ્યોગિક ઉત્પાદનમાં 18% અને વર્ષ 2022-23ની નિકાસમાં 33%નો ફાળો આપે છે.

[IV] ઈઝ ઓફ લિવિંગ અને ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસની પ્રાથમિકતાના કારણે દેશમાં ગુજરાત ટેક્સટાઈલ, કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ, ડ્રગ્સ અને ફાર્માસ્યુટિકલ, જેમ્સ એન્ડ જ્વેલરી, સિરામિક વગેરે ક્ષેત્રોમાં હરણફાળ ભરી રહ્યું છે. MSME એ કોઈ પણ રાજ્યના આર્થિક વિકાસની કરોડરજ્જુ ગણાય છે ત્યારે ગુજરાતમાં 15લાખથી વધુ MSME સ્થપાયા છે. જેના કારણે ગુજરાત સમગ્ર દેશમાં બેસ્ટ પર્ફોર્મર સ્ટેટનો દરજ્જો ધરાવે છે.

[v] ગુજરાતમાં સ્થિત DMIC (દિલ્હી મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર), બુલેટ ટ્રેન પ્રોજેક્ટ, GIFT સિટી, DREAM સિટી, બલ્ક ડ્રગ પાર્ક, પીએમ MITRA પાર્ક, ધોલેરા SIR, સેમિકન્ડક્ટર ક્ષેત્રના ભવિષ્યમાં સ્થપાનાર ઉદ્યોગોએ વિશ્વના વેપારીઓ માટે આકર્ષક ગંતવ્ય સ્થળ બનાવ્યા છે.

[vi] વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ 2024ની 10મી આવૃત્તિની થીમ 'ગેટ વે ટૂ ધ ફ્યુચર' એટલે કે ભવિષ્યનું પ્રવેશદ્વારનો ઉદ્દેશ્ય વિશ્વના વડાઓ, નીતિ નિર્માતાઓ અને ઉદ્યોગ નિષ્ણાંતોને ટકાઉ વિકાસ, આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવાનો અને આંતરરાષ્ટ્રીય સહયોગ બાબતે ચર્ચાઓ કરવા એક મંચ પર લાવવાનો છે. અને આ સાથે જ ગુજરાતની વિકાસયાત્રા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિઝન 'વિકસિત ભારત @ 2047'ને સાકાર કરવા તરફ હરણફાળ ભરી રહ્યું છે.




## * 11 જાન્યુઆરી, ૨૦૨૪ *

*** ભારતના એમએસએમઈ ક્ષેત્રમાં મહત્વપૂર્ણ યોગદાનકર્તાના રૂપમાં UP શીર્ષ રાજ્યના રૂપમાં રહ્યું.**

I CBREના રિપોર્ટ અનુસાર, ઉત્તરપ્રદેશ શીર્ષ ત્રણ રાજ્યોમાં રહ્યું.

II CBRE સાઉથ એશિયા પ્રાઈવેટ લિમિટેડે 'MSME: આર્થિક સમૃદ્ધિના એન્જિનને ઉજાગર કરવું' શીર્ષક હેઠળ રિપોર્ટ આપ્યો.

III ભારતના કુલ MSMEમાં 40% હિસ્સો ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર અને તમિલનાડુનો છે.

*** ગેબ્રિયલ અટલ ફ્રાંસના યુવા પ્રધાનમંત્રી બન્યા**

I ગેબ્રિયલ હાલ શિક્ષણ મંત્રી તરીકે કાર્યરત છે અને 34 વર્ષની ઉંમરમાં તેઓ પ્રધાનમંત્રી બન્યા.

II તેઓ એલિઝાબેથ બોર્નનું સ્થાન લેશે જેમણે રાજીનામું આપ્યું હતું.

III અટલ ફ્રાંસ સરકારના પ્રથમ સમલૈંગિક પ્રમુખ બન્યા છે.

*** યોગશ્રી યોજના- પશ્ચિમ બંગાળ.**

I પશ્ચિમ બંગાળમાં SC/ST વિદ્યાર્થીઓ માટે CM મમતા બેનર્જીએ આ યોજના અમલમાં મૂકી.

II યોજનામાં વિવિધ પ્રવેશ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક પ્રશિક્ષણ મોડ્યુલ શરૂ કર્યું.

III CMએ વિદ્યાર્થીઓ માટે ટોલ-ફ્રી એન્ટી રેગિંગ નંબર જાહેર કર્યો. અને તે માટેની વિગતો રાજ્યની તમામ કોલેજો અને વિશ્વવિદ્યાલયોમાં મોકલવામાં આવી છે.

IV યોજના હેઠળ 50 કેન્દ્રો ખોલવામાં આવશે જેમાં SC/ST વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષા માટે શિક્ષણ અપાશે.

Current Affairs By C.H.Shingala GPSC

## (*) ઉસ્તાદ રાશિદ ખાનનું 55 વર્ષની વયે કોલકાતામાં નિધન

I. ઉત્તર પ્રદેશમાં બદાયુંમાં જન્મેલ ખાનનું કેન્સરની લાંબી બીમારી બાદ નિધન થયું છે.

II. તેઓ રામપુર-સહસવાન ઘરાનાથી હતા. જેના સંસ્થાપક ઈનાયત હુસૈન ખાન હતા.

III. તેઓએ પ્રારંભિક શિક્ષણ તેમના નાના ઉસ્તાદ નિસાર હુસૈન ખાનથી મેળવ્યું હતું. અને માત્ર 11 વર્ષની ઉંમરે જ તેમણે સંગીતનો પ્રથમ કાર્યક્રમ આપ્યો હતો.

IV. 2006માં પદ્મશ્રી અને સંગીત નાટક અકાદમી પુરસ્કાર તથા 2022માં પદ્મભૂષણથી સન્માનિત.

V. પંડિત ભીમસેન જોશીએ રાશિદ ખાન માટે 'ભારતીય ગાયન સંગીતના ભવિષ્ય માટે આશ્વાસન' ની ઉપમા આપી હતી.

Current Affairs By C.H.Shingala

## (*) વિશ્વ હિંદી દિવસ- 10 જાન્યુઆરી

I. 10 જાન્યુઆરી 1975એ નાગપુરમાં આયોજિત પ્રથમ વિશ્વ હિન્દી સંમેલનની વર્ષગાંઠના ઉપલક્ષ્યમાં આ દિવસ મનાવાય છે.

II. 2006માં પ્રથમ વિશ્વ હિંદી દિવસ તત્કાલીન પ્રધાનમંત્રી ડૉ. મનમોહન સિંહે મનાવ્યો હતો.

III. આ દિવસનો ઉદ્દેશ્ય દુનિયા ભરમાં હિંદી ભાષાને વેગ આપવાનો છે. હિંદી વિશ્વમાં ત્રીજા નંબરે સૌથી વધુ બોલાતી ભાષા છે.

IV. 2024ની થીમ - 'હિન્દી: પારંપરિક જ્ઞાન અને કૃત્રિમ બુદ્ધિમતાને જોડવું'

(યાદ રાખો) → ભારતમાં હિંદી દિવસ- 14 સપ્ટેમ્બરે મનાવાય છે.

સરકારી નોકરીની તૈયારી માટે
FEE ની ચિંતા છોડો,
FREE તૈયારી કરો.
Crack GPSC
ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ
CRACK GPSC
• અભ્યાસ/જોબ સાથે, ઘરે બેઠાં, ઓછા સમયમાં કોઈ પણ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરો.

## (*) રાષ્ટ્રીય રમત પુરસ્કાર-૨૦૨૩ રાષ્ટ્રપતિ મુર્મુએ આપ્યા.

I આ પુરસ્કારમાં અર્જુન પુરસ્કાર, દ્રોણાચાર્ય પુરસ્કાર, રાષ્ટ્રીય ખેલ પ્રોત્સાહન પુરસ્કારનો સમાવેશ થાય છે.

(1) મેજર ધ્યાનચંદ ખેલ રત્ન પુરસ્કાર.
- ચિરાગ શેટ્ટી અને સાત્વિક સાઈરાજ રંકીરેડ્ડી (બેડમિન્ટન)

(2) અર્જુન એવોર્ડ (કુલ 26)
- ક્રિકેટ = મોહમ્મદ શમી
- શતરંજ = આર વૈશાલી
- તીરંદાજ = ઓજસ પ્રવીણ દેવતાલે અને અદિતિ ગોપીચંદ
- ગોલ્ફર = દીક્ષા ડાગર.

(3) દ્રોણાચાર્ય એવોર્ડ.
- લલિતકુમાર (કુશ્તી), આર બી રમેશ (શતરંજ), મહાવીર પ્રસાદ સૈની (પેરા એથલીટ), શિવેન્દ્ર સિંહ (હોકી), ગણેશ પ્રભાકર દેવરૂખકર (મલ્લખંભ)

## (*) કર્ણાટક હાઈકોર્ટે KRS જળાશય પાસે ખનન પ્રવૃત્તિ પર પ્રતિબંધ મૂક્યો.

I કર્ણાટક HCએ માંડ્યા જિલ્લામાં કૃષ્ણરાજસાગર (KRS) જળાશયથી ૨૦km ના વિસ્તારમાં ખનન પર પ્રતિબંધ મૂક્યા.

II હાલ કેન્દ્રીય ખનન અને ઈંધણ અનુસંધાન સંસ્થા બંધ સુરક્ષા સર્વેક્ષણ કરી રહી છે જેને ધ્યાને રાખતા આ પ્રતિબંધ મૂકવામાં આવ્યો.

III કૃષ્ણરાજસાગર જળાશય માંડ્યા જિલ્લાના 1,25,000 એકરના શુષ્ક વિસ્તારને સિંચાઈ પૂરી પાડે છે.

• કૃષ્ણરાજ સાગર ડેમ •

▷ 1924માં કાવેરી નદી પર બંધાયો. જે મૈસૂર જિલ્લાનો પાણીનો મુખ્ય સ્રોત છે.

▷ આ બંધમાંથી છોડાયેલું પાણી તમિલનાડુ રાજ્યમાં વહે છે અને મેટ્ટૂર બંધમાં સંગ્રહિત થાય છે.

Current Affairs By C.H.Shingala GPSC

# [*] 12 જાન્યુઆરી - ૨૦૨૪ [*]

## [*] હેનલે પાસપોર્ટ ઈન્ડેક્સ-૨૦૨૪માં ભારત - ૮૦માં સ્થાને.

[I] ભારતીય પાસપોર્ટ નાગરિકોને વીઝા વગર 62 દેશોની યાત્રાને અનુમતિ આપે છે.

[II] જાપાન અને સિંગાપુર છેલ્લા પાંચ વર્ષથી ટોચના સ્થાને છે. જ્યારે દ. કોરિયા, સ્વીડન અને ફિનલેન્ડ બીજા તથા ઓસ્ટ્રિયા, ડેનમાર્ક, આયરલેન્ડ અને નેધરલેન્ડ ત્રીજા સ્થાને છે.

[III] સૌથી ઓછો શક્તિશાળી પાસપોર્ટ અફઘાનિસ્તાનનો છે. પાકિસ્તાન -101, UAE-11, ઈરાક-102, સીરિયા-103માં સ્થાને છે.

## [*] શેરિંગ ટોબગે બીજી વાર ભૂટાનના PM બન્યા.

[I] લિબરલ પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટીના પ્રમુખ અને બીજી વખત PM બનવા માટે પાર્ટીએ 2/3 મત મેળવ્યા.

[II] ટોબગે ૨૦૦૮માં ભૂટાનની સ્થાપના સમયે પ્રથમ વિપક્ષના નેતા બન્યા હતા.

Current Affairs By C.H.Shingala GPSC

## [*] નૌસૈન્ય અભ્યાસ- મિલન - ૨૦૨4 - 19થી ૨૭ ફેબ્રુઆરી

[I] આ અભ્યાસની 12મી આવૃત્તિ વિશાખાપટ્ટનમમાં આયોજિત થશે.

[II] દ્વિવાર્ષિક સૈન્ય અભ્યાસ ભારતની 'લુક ઈસ્ટ પોલિસી' ના અનુરૂપ ચાર દેશો ઈન્ડોનેશિયા, સિંગાપુર, શ્રીલંકા, થાઈલેન્ડની ભાગીદારીથી 1995માં શરૂ થયો.

[III] બે ચરણમાં આયોજન.

(1) હાર્બર ચરણ (બંદરગાહ) - ભાગ લેનાર રાષ્ટ્રો વચ્ચે સાંસ્કૃતિક સમજ વધારવા.

(૨) સમુદ્રી ચરણ - સમુદ્રી વિમાન જહાજ અને સબમરીનનો અભ્યાસ

[*] રાષ્ટ્રીય માનવ તસ્કરી જાગૃતતા દિવસ - 11 જાન્યુઆરી.

[I] માનવ તસ્કરી પીડિતોની સ્થિતિ બાબતે જાગૃતતા વધારવા આથે તેમના અધિકારો અને જીવનની રક્ષાના ઉદ્દેશ્ય સાથે મનાવાય છે.

[II] 2007માં USAની સેનેટે આ દિવસ જાહેર કર્યો હતો. અને 2010માં બરાક ઓબામાએ જાન્યુઆરી માસને 'રાષ્ટ્રીય ગુલામી અને માનવ તસ્કરી અટકાયત માસ' જાહેર કર્યો હતો.

• UNHRC - સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદ •

[I] આ સંયુક્ત રાષ્ટ્રની એક સંસ્થા છે. જે દુનિયાભરમાં માનવાધિકારોને વેગ આપવાનું તથા તેની રક્ષા કરવાનું કામ કરે છે.

[II] 47 સભ્યો ત્રણ વર્ષના કાર્યકાળ માટે ચૂંટાય છે.

[III] સ્થાપના 15 માર્ચ, 2006, વડુંમથક - સ્વિટ્ઝરલેન્ડ, જિનિવા।

[*] ભારત 21 થી 31 જુલાઈ સુધી UNESCOની વિશ્વ ધરોહર સમિતિની બેઠકની અધ્યક્ષતા કરશે. (46મુ સત્ર)

[I] UNESCOની વિશ્વ ધરોહર સમિતિની બેઠકની અધ્યક્ષતા કોઈ અન્ય દેશ કરતો હોય એવું પ્રથમવાર બનશે.

[II] બેઠકનું મુખ્ય લક્ષ્ય સાંસ્કૃતિક અને ઐતિહાસિક વિરાસતના સંરક્ષણ પર વૈશ્વિક ચર્ચા કરવાનું છે.

[III] હાલ UNESCOની વિશ્વ ધરોહર સમિતિમાં 21 સદસ્યો સામેલ છે.

• UNESCO •

United Nations Educational, Scientific and Cultural Organization.

વડુંમથક - પેરિસ, ફ્રાંસ

Current Affairs By G.H.Shingala

## (*) રામલલ્લા દર્શન યોજના - છત્તીસગઢ

I. છત્તીસગઢ સરકાર શ્રીરામલલ્લાના દર્શન માટે અયોધ્યા તીર્થયાત્રા અંતર્ગત આ યોજના શરૂ કરી.

II. યોજનાનું આયોજન છત્તીસગઢ પર્યટન બોર્ડ અને બજેટ પર્યટન વિભાગ દ્વારા થશે.

III. પ્રતિવર્ષ 20,000 તીર્થયાત્રીઓને યોજના અંતર્ગત આવરી લેવાશે જેમાં 18 થી 75 વર્ષની આયુ ધરાવનારને સમાવાશે.

## (*) 5 લોકસભા સાંસદોને સંસદ રત્ન પુરસ્કાર

I. ભાજપના સુકાંત મજૂમદાર અને શિવસેનાના શ્રીકાંત એકનાથ શિંદે સહિતના 5ને પુરસ્કાર મળશે.

II. ભાજપના સુધીર ગુપ્તા, NCના અમોલ રામસિંગ કોલ્હે અને કોંગ્રેસના કુલદીપ રાય શર્માને પણ આ પુરસ્કાર અપાશે.

GPSC Crack Current Affairs By C.H.Shingala

III. આ નામોની પસંદગી કાયદા અને સંસદીય બાબતના મંત્રી અર્જુન રામ મેઘવાલ અને ભારતના પૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર T એસ કૃષ્ણમૂર્તિની અધ્યક્ષતા વાળી સમિતિ દ્વારા કરવામાં આવી.

IV. પ્રદર્શનના આધાર પર શીર્ષ પ્રદર્શન કરનાર સાંસદોને દર વર્ષે આ પુરસ્કાર અપાય છે.

V. લોકસભામાં પ્રદર્શનમાં નિરંતરતા માટે સંસદ મહા રત્ન પુરસ્કાર પાંચ વર્ષમાં એકવાર અપાય છે.

VI. સંસદ રત્ન પુરસ્કાર ડૉ. APJ અબ્દુલ કલામની ભલામણ અંતર્ગત વર્ષ 2010 થી અપાય છે.

# ✻ 13 જાન્યુઆરી - 2024 ✻

**✻ ભારતનું પ્રથમ સ્વદેશી નિર્મિત UAV 'દ્રષ્ટિ 10 સ્ટારલાઈનર'**

I) અદાણી ડિફેન્સ એન્ડ એરોસ્પેસ નિર્મિત દ્રષ્ટિ 10 એ માનવ-રહિત હવાઈ વાહનને ભારતીય નૌસેનામાં સામેલ કરવામાં આવ્યું.

II) નૌસેનાના સમુદ્રી અભિયાનોમાં સામેલ થવા UAV ને હૈદરાબાદ થી પોરબંદર લાવવામાં આવશે.

III) દ્રષ્ટિ 10 અતિઆધુનિક ગુપ્ત બાબતો, દેખરેખ અને જાસૂસ પરિક્ષણ માટેના પ્લેટફોર્મનું પ્રતિનિધિત્વ કરશે.

IV) દ્રષ્ટિ 10 માં 36 કલાકની પ્રભાવશાળી સહનશીલ અને 450 kg પેલોડ ક્ષમતા છે. અને કોઈ પણ પ્રકારના વિકટ હવામાન માટે પણ તે સક્ષમ છે.

**✻ ભારત - UK વચ્ચે દ્વિપક્ષીય આંતરરાષ્ટ્રીય કેડેટ એક્સચેન્જ કાર્યક્રમ માટે સમજૂતી હસ્તાક્ષર થયા.**

I) ભારતના DRDO અને UK ના DSTL સંસ્થાઓએ આ હસ્તાક્ષર કર્યા.

II) લંડન ખાતે રક્ષામંત્રી રાજનાથ સિંહ અને તેમના બ્રિટિશ સમકક્ષ ગ્રાંટ શાપ્સ વચ્ચેની દ્વિપક્ષીય બેઠકમાં હસ્તાક્ષર કરવામાં આવ્યા.

III) આ હસ્તાક્ષરથી બંને દેશોમાં રક્ષા ઔદ્યોગિક સહયોગ વધશે અને સાથે સાથે સુરક્ષા ક્ષેત્રે પણ વિકાસ થશે.

IV) પાછલા બે દશકમાં ભારતીય રક્ષા મંત્રીની બ્રિટન ખાતેની આ પ્રથમ યાત્રા ગણવામાં આવે છે.

[*] IIT મદ્રાસ શ્રીલંકાના કેંડીમાં પોતાનું પરીસર ખોલશે

[I] શ્રીલંકાના શિક્ષા મંત્રી ડૉ. સુશીલ પ્રેમજયંતાએ કેંડીમાં કેમ્પસ શરૂ કરવાની જાહેરાત કરી. આ પરિસરની શરૂઆત પહેલાં શ્રીલંકાના શિક્ષણવિદોને IIT મદ્રાસ ખાતે મુલાકાતે મોકલવામાં આવશે.

[II] આ સ્થાપના શ્રીલંકાના રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘે પ્રસ્તુત કરેલા 2024ના બજેટનો હિસ્સો છે.

[III] આ અગાઉ IIT મદ્રાસે ઔપચારિક રીતે તંઝાનિયાના ઝાંઝીબારમાં તેમનું પરિસર શરૂ કર્યું છે.

[*] નવ સમજૂતી અનુસાર, દરેક રાજ્ય અને કે. પ્રદેશ ને ત્રણ વર્ષની અંદર ગણતંત્ર દિવસ પરેડમાં પોતાની ઝાંખી બનાવવાનો મોકો મળશે.

[I] ગણતંત્ર દિવસ પરેડના માટે દર વર્ષે રાજ્ય અને કે. પ્રદેશમાંથી લગભગ 15 ઝાંખીઓની પસંદગી કરવામાં આવે છે. જ્યારે નવી સમજૂતી અનુસાર દર ત્રણ વર્ષમાં એકવાર આ પસંદગી થશે.

[II] ત્રણ વર્ષીય પસંદગી પ્રક્રિયા માટે 28 રાજ્યોએ MOU પર હસ્તાક્ષર કર્યા છે.

[III] સંસ્કૃતિ મંત્રાલયે ઓપન સિલેક્શન પ્રોસેસ હેઠળ ઝાંખીઓની ડિઝાઈન અને નિર્માણ માટે 30 એજન્સીઓ પસંદ કરવામાં આવી છે.

[IV] 2024ની ગણતંત્ર દિવસ પરેડમાં 16 રાજ્યો અને કે. પ્રદેશો પોતાની ઝાંખી બતાવશે. અને જેમને આ પરેડનો લાભ નથી મળવાનો તેઓ 23થી31 જાન્યુ. 2024 લાલ કિલ્લા પર ભારત પર્વ માં તેમની ઝાંખી પ્રદર્શિત કરશે.

Current Affairs By G.H.Shingala GPSC

## (*) રાષ્ટ્રીય સડક સુરક્ષા સપ્તાહ - 11 થી 17 જાન્યુઆરી

(I) સડક સુરક્ષા બાબતે જાગૃતતા લાવવા અને બિન-જવાબદારી પૂર્ણ ડ્રાઈવિંગ સામે શિક્ષિત કરવા આ દિવસ મનાવાય છે.

(II) સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયના 2022-23ના સડક દુર્ઘટનાના આંકડા મુજબ 2021માં 4,12,432 લોકો ભોગ બન્યા.

(III) રાષ્ટ્રીય સુરક્ષા પરિષદે તેમનાં સદસ્યોને જાન્યુ. 2024માં 35માં રાષ્ટ્રીય સડક સુરક્ષા માસ-2024 મનાવવામાં આવશે. તેવી અપીલ કરી હતી.

(IV) PIB અનુસાર, રાષ્ટ્રીય સડક સુરક્ષા સપ્તાહ પ્રથમવાર 1989 માં મનાવવામાં આવ્યો હતો.

(V) WHOના આંકડા અનુસાર, સૈન મૈરિનો, માઈક્રોનેશિયા, માલદીવ, નોર્વે, સ્વીડન, ડેનમાર્ક, ઈઝરાયેલ, સ્વિટ્ઝરલેન્ડ અને UK જેવાં દેશો ગાડી ચલાવવામાં સુરક્ષિત માનવામાં આવે છે.

(VI) ગાડી ચલાવવા માટે સૌથી ખતરનાક દેશ ઈરિટ્રિયા, ડોમિનિકન ગણરાજ્ય, લીબિયા, થાઈલેન્ડ, વેનેઝુએલા, નાઈજિરિયા, દ. આફ્રિકા, ઈરાક અને ઓમાન.

Current Affairs By C.H. Shingala GPSC

## (*) હરિયાણામાં પશુઓને શીતલહેરથી બચાવવા માટે પશુપાલન વિભાગે એડવાઈઝરી જાહેર કરી

(I) રાજ્યના તમામ જિલ્લાઓ માટે આ એલર્ટ જાહેર કરવામાં આવી છે.

(II) ઠંડી દરમિયાન પશુઓમાં તાપમાનના ઘટાડાને લીધે શ્વાસ પ્રક્રિયામાં મુશ્કેલીઓ અનુભવાય છે. અને તેનાથી ન્યૂમોનિયાની અસર અને દૂધ ઉત્પાદનમાં પણ ઘટાડો આવે છે.

(III) નવજાત પશુઓની સુરક્ષા માટે ગરમ, ઉચિત આહાર અને ખનિજ મિશ્રણની આવશ્યકતા પૂરી પાડવા નિર્દેશો આપ્યા છે.

# (*) 14 જાન્યુઆરી, 2024 (*)

**(*) વિશ્વ આર્થિક મંચે વૈશ્વિક જોખમ રિપોર્ટ 2024 જાહેર થયો**

I. ચૂંટણી પરિણામોને બાધિત કરવામાં AI ના પ્રભાવ 2024 માટે સૌથી મોટું જોખમ ઊભું થયું છે.

II. AI મોટી સંખ્યામાં મતદાતાઓને પ્રભાવિત કરવાના મોડલ તરીકે ઊભરી રહ્યું. જે એક જોખમરૂપ છે.

III. આ રિપોર્ટ જ્યુરિખ ઈન્શ્યોરન્સ દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે.

IV. AI ખોટી સુચનાઓના જોખમના કારણે જલવાયુ પરિવર્તન, યુદ્ધ અને આર્થિક બાબતોનું જોખમ ઉદ્ભવી શકે છે.

**(*) ચીનનો નવો ઉપગ્રહ 'આઈન્સ્ટાઈન પ્રોબ'**

I. બ્રહ્માંડીય ઘટનાઓના નિરીક્ષણ માટેનો ઉપગ્રહ ચીને લોન્ચ કર્યો. જે દ.પ. ચીનના સિચુઆન પ્રાંતમાં શિચાંગ સેટેલાઈટ લોન્ચ સેન્ટરથી લોન્ગ માર્ચ-2સી વાહક રોકેટથી લોન્ચ કરવામાં આવ્યું.

II. આ ઉપગ્રહ બ્રહ્માંડમાં રહસ્યમય ક્ષણિક ઘટનાઓનું અવલોકન કરશે.

III. આ ઉપગ્રહનો આકાર કમળ જેવો છે જેમાં 12 પાંખડી અને બે પુંકેસર છે. જેનો વજન 1.5 ટન છે. આ 12 પાંખડી એ 12 મોડ્યુલ છે જેમાં વાઈડ-ફીલ્ડ એક્સ-રે ટેલીસ્કોપ શામેલ છે. જ્યારે બે પુંકેસરમાં અનુવર્તી એક્સ-રે દૂરબીન સામેલ છે.

## (*) સ્વચ્છતા સર્વેક્ષણ પુરસ્કાર - 2023

[I] નવી દિલ્લી ખાતે સ્વચ્છતા સર્વેક્ષણ પુરસ્કાર-2023 રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુ દ્વારા આપવામાં આવ્યા.

[II] એક લાખથી વધુની વસ્તીવાળા શહેરોની યાદીમાં ઈન્દોર અને સૂરતને સંયુક્ત રીતે ભારતનું સૌથી સ્વચ્છ શહેર જાહેર કરવામાં આવ્યું. ઈન્દોર સતત 7મીવાર પ્રથમ સ્થાને છે.

[III] 1 લાખથી ઓછી વસ્તીવાળા શહેરોમાં મહારાષ્ટ્રમાં સાસવડ, છત્તીસગઢમાં પાટણ, મહારાષ્ટ્રમાં લોનાવાલાનો સ્વચ્છ શહેરમાં સમાવેશ થયા.

[IV] સૌથી સ્વચ્છ રાજ્યની શ્રેણીમાં પ્રથમ પુરસ્કાર મહારાષ્ટ્રને, મધ્યપ્રદેશને બીજો અને છત્તીસગઢને ત્રીજો પુરસ્કાર.

GPSC Current Affairs By C.H. Shingala

## (*) રાષ્ટ્રીય યુવા દિવસ - 12 જાન્યુઆરી

[I] ભારતના મહાનતમ દાર્શનિક અને આધ્યાત્મિક નેતા સ્વામી વિવેકાનંદની જન્મ જયંતી 1985થી દર વર્ષે રાષ્ટ્રીય યુવા દિવસ તરીકે મનાવાય છે.

[II] સ્વામી વિવેકાનંદે 1897માં રામકૃષ્ણ મિશનની સ્થાપના કરી હતી. અને તેમનાં ગુરુ રામકૃષ્ણ પરમહંસ હતા.

[III] વિવેકાનંદનો જન્મ 12 જાન્યુ. 1863 કોલકત્તામાં નરેન્દ્રનાથ દત્ત તરીકે થયો હતો.

[IV] વર્ષ 2024ની થીમ.

2047 સુધી - મેરા ભારત વિકસિત ભારત
યુવાઓ દ્વારા, યુવાઓ માટે.

# [*] 15 જાન્યુઆરી- ૨૦૨૪ [*]

**[*] આસામમાં 3 થી વધુ બાળકો પર સરકારી લાભો બંધ**

I આસામ સરકારે ગ્રામીણ ક્ષેત્રમાં મહિલા ઉદ્યમીઓ માટે નવી સહાયતા યોજના 'મુ.મંત્રી મહિલા ઉદ્યમિતા અભિયાન' જાહેર કરી પરંતુ તેના માટે એક શરત રાખી છે.

II સામાન્ય અને OBC મહિલાઓને જો ત્રણ બાળકો હશે તો અને SC, ST ને 4 બાળકોથી વધારે હશે તો યોજનાનો લાભ નહિ મળે.

III હાલ આસામમાં ST દરજ્જાની માંગ કરતા મોરાન, મોટોક અને 'ટી ટ્રાઈબ્સ' ને પણ ચારથી વધુ બાળકો પર લાભ નહિ મળે.

IV યોજનાનો ઉદ્દેશ્ય ગ્રામીણ હિસ્સાઓમાં સ્વયં સહાયતા ગ્રુપોને મદદ કરવાનો અને દરેક સદસ્યને રૂ.1 લાખની સહાય આપવાનો છે.

V યોજના માટેની અન્ય બે શરતો પણ છે. (1) જો બાળકમાં છોકરી છે તો તેનું સ્કૂલમાં નામાંકન હોવું જોઈએ. અને જો તેની ઉંમર નાની છે તો મહિલાએ એક શપથ પત્ર પર હસ્તાક્ષર કરવાના રહેશે જેમાં આવનારા સમયમાં તે બાળકીનું શાળામાં નામાંકન કરશે. (2) આગલા વર્ષે સરકારે વૃક્ષારોપણ અભિયાન, અમૃત વૃક્ષ આંદોલન અંતર્ગત જે વૃક્ષો લગાવ્યા હતા તેનું જતન થવું જોઈએ.

**[*] ભારતીય સેના ૨૦૨૪ને 'ટેકનોલોજી શોષણ વર્ષ' તરીકે મનાવશે.**

I આ વિષય પરિવર્તનના સ્ત્રોત તરીકે ટેકનોલોજીનો લાભ ઉઠાવવાની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે. અગાઉ સેનાએ ૨૦૨૩ને 'પરિવર્તન વર્ષ' જાહેર કર્યું હતુ.

II સેના દ્વારા જવાનોને ટેકનોલોજીનો લાભ લેવા અને તેના માધ્યમથી સાયબર ક્ષેત્રે પ્રશિક્ષિત કરવા પ્રયાસો કરશે.

GPSC Current Affairs By C.H. Shingala

## * તેનજિંગ નોર્ગે રાષ્ટ્રીય સાહસિક પુરસ્કાર-2022
## સવિતા કંસવાલ

I. રા.પતિ મુર્મૂએ સવિતા કંસવાલને મરણોપરાંત આ પુરસ્કાર આપ્યો.

II. આ પુરસ્કાર લેન્ડ એડવેન્ચરમાં તેમની ઉપલબ્ધિઓ માટે અપાયો છે. તેમણે 16 દિવસમાં 8000 મીટરની બે માઉન્ટ એવરેસ્ટ અને માઉન્ટ મકાલૂની ચોટી સર કરી હતી.

III. 4 ઓક્ટો.ના રોજ ઉત્તરાખંડના ઉત્તરકાશી પહાડોમાં હિમસ્ખલનમાં તેમનું મૃત્યુ થયું.

**• તેનજિંગ નોર્ગે રાષ્ટ્રીય સાહસિક પુરસ્કાર •**

▷ ભારતનો સર્વોચ્ચ એડવેન્ચર પુરસ્કાર છે.

▷ આ પુરસ્કારનું નામ તેનજિંગ નોર્ગેના નામ પરથી રખાયું છે. જેમણે એવરેસ્ટના શિખર પર સર કરવાનો રેકોર્ડ બનાવ્યો છે.

▷ આ પુરસ્કાર યુવા બાબત અને રમત મંત્રાલય આપે છે.

Current Affairs By C H Shingala

## * શીલ વર્ધન સિંહ UPSCના સદસ્ય બન્યા

I. સરકારે કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળના પૂર્વ નિર્દેશક શીલ વર્ધનસિંહને UPSCના સભ્ય બનાવ્યા.

II. સંઘ લોકસેવા આયોગના સભ્યની નિમણૂંક ભારતના બંધારણના અનુચ્છેદ 316(1) મુજબ રા.પતિ કરે છે.

III. UPSCમાં એક અધ્યક્ષ અને 10 સભ્ય હોય છે. આ સભ્યોની લાયકાત 6 વર્ષ અથવા 65 વર્ષ હોય છે.

**[*] સંયુક્ત સૈન્ય અભ્યાસ 'સહયોગ કાઇજિન' ભારત-જાપાન**

[I] ભારત અને જાપાન વચ્ચે ચેન્નઈ પાસે બંગાળની ખાડીમાં પાંચ દિવસીય સૈન્ય અભ્યાસ આયોજિત થયા.

[II] આ અભ્યાસ 2006માં બંને દેશો વચ્ચે હસ્તાક્ષર થયા મુજબ આ આયોજન થયું.

[III] અભ્યાસનો મુખ્ય ઉદ્દેશ્ય બંને દેશોના તટ પ્રદેશમાં યાત્રા, પ્રશિક્ષણ આદાન-પ્રદાન, વધારવાનો તથા સમુદ્રી પ્રદૂષણ ઘટાડવાનો અને નશાકારક પદાર્થોની અટકાયતનો છે.

[IV] આ અભ્યાસમાં ભારતીય જહાજ શૌનક, શૌર્ય, સુજય, રાણી અબક્કા, એની બેસન્ટ, C-440, સાગર અનવેષિકા, મત્સ્ય દ્રાયર જ્યારે જાપાની જહાજ યાશિમા અને સમુદ્ર પહેરેદાર ભાગ લેશે.

**[*] વિશ્વ તમિલ પ્રવાસી દિવસ - 12 જાન્યુઆરીએ ચેન્નઈ ખાતે**

[I] તમિલનાડુના CM એમ. કે. સ્ટાલિને વિદેશમાં રહેતાં તમિલોના કલ્યાણ માટેના અલગ વિભાગ અંતર્ગત તમિલોના વિકાસમાં તેમનાં યોગદાન માટે આ દિવસ મનાવ્યો.

[II] આ દિવસે તમિલ સાથે જોડાયેલાં પુરસ્કારો પણ આપવામાં આવ્યા જેમાં શિક્ષણ, કલા, સાહિત્ય, સંસ્કૃતિ સહિત વિવિધ 13 મહત્વપૂર્ણ બાબતો સમાવિષ્ટ છે.

[III] CMએ આ સાથે વિકાસની એક અનોખી યોજના 'એનાથુ ગ્રામમ, માઇ વિલેજ' શરૂ કરી. જેમાં વ્યક્તિ તેના પૈતૃક ગામને દત્તક લઈ તેના વિકાસની બાબતો સુનિશ્ચિત કરશે.

**[*] જલવાયુ શિખર સંમેલન - 2024 - 12 જાન્યુ. એ મુંબઈમાં આયોજિત થયું.**

[I] 'ડીકોડિંગ ધ ગ્રીન ટ્રાન્ઝીશન ફોર ઈન્ડિયા' વિષય હેઠળ આ સંમેલન આયોજિત થયું. જે ભારત સરકારના પર્યાવરણ, વન અને જલવાયુ પરિવર્તન મંત્રાલય દ્વારા કરાયું.

[II] આ આયોજન નાણા ~~સંસ્થા~~ સમાધાન અને તકનીકી ક્ષમતાઓને જોડવા તથા જલવાયું સ્વાસ્થ્ય પર ધ્યાન કેન્દ્રીત કરવા માટે તથા સરકારી પ્રયાસોનો લાભ મેળવવા, અને આ પ્રયાસોમાં નાગરિક, સમાજ અને સમુદાયોને સામેલ કરવાનો લક્ષ્યાંક દર્શાવે છે.

[III] સંમેલનમાં 2070 સુધીમાં નેટ શૂન્ય લક્ષ્યાંક હાંસલ કરવાના ભારતના રોડમેપની રૂપરેખા તૈયાર કરવામાં આવી.

[IV] ઉર્જા પ્રણાલીઓ બદલવા, કાર્બન ડાયો. ઉત્સર્જન ઘટાડવા, પ્રાકૃતિક સંસાધનોના સંરક્ષણ, જૈવ વિવિધતાને વધારવા અને સામાજિક રીતે ન્યાયસંગત અને સમાવેશી જલવાયુ પરિવર્તન સામે લડવા પર આ સંમેલનમાં ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું.

Current Affairs By C.H.Shingala

**[*] ભારતીય સેના દિવસ - 15 જાન્યુઆરી**

[I] ભારત અને તેના નાગરિકોની રક્ષા માટે સૈનિકોના બલિદાનને યાદ કરવા આ દિવસ મનાવાય છે.

[II] લે. જ. કિસેમ કરિઅપ્પાએ 15 જાન્યુ. 1949એ ભારતીય સેનાના પ્રથમ કમાંડર-ઈન-ચીફ તરીકે ફ્રાંસીસ બુચર પાસેથી પદ સંભાળ્યું તે દિવસ ભારતીય સેના દિવસથી મનાવાય છે. બુચર ભારતનાં છેલ્લા બ્રિટિશ કમાંડર-ઈન-ચીફ હતા.

[III] વર્ષ 2024માં આ દિવસ 76મો દિવસ છે. આ વર્ષે આયોજિત થનાર સર્વશ્રેષ્ઠ માર્ચની પસંદગી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદથી કરવામાં આવી છે જે પ્રથમવાર છે.

# કોઈપણ પરીક્ષા માટે થઈ જાઓ તૈયાર

જેટલી વહેલી મહેનત શરૂ કરશો, એટલી વહેલી સફળતા મળશે.

## અમારાં મહત્વનાં પુસ્તકો - આજે જ વસાવો

UP TO 40% OFF

## IAS, IPS, DySP, Dy. Collector કે Class 1/2/3 અધિકારી બનવાનું કે સરકારી નોકરી મેળવવાનું આપનું સ્વપ્ન કરો સાકાર




| | | | | |
|---|---|---|---|---|
| MRP. ~~496/-~~ | MRP. ~~380/-~~ | MRP. ~~380/-~~ | | MRP. ~~230/-~~ |
| Only @ 299/- | Only @ 230/- | Only @ 230/- | Coming... | Only @ 170/- |

## કોઈ પણ 3 BOOKS એક સાથે લેવા પર સ્પેશ્યલ Rs. 50/- Extra ડિસ્કાઉન્ટ




| | | | | |
|---|---|---|---|---|
| MRP. ~~270/-~~ | MRP. ~~150/-~~ | MRP. ~~385/-~~ | MRP. ~~280/-~~ | MRP. ~~180/-~~ |
| Only @ 162/- | Only @ 99/- | Only @ 235/- | Only @ 168/- | Only @ 126/- |

ORDER

Visit website crackgpsc.com/books OR અથવા Crack GPSC એપમાં BOOKS વિભાગ પરથી OR અથવા અહીં આપેલ QR કોડ દ્વારા પેમેન્ટ કરો.

કુરિયર સર્વિસ FREE (4 થી 5 દિવસમાં ડિલીવરી) QR કોડથી પેમેન્ટ કરીને સ્ક્રીનશોટ 76000 51070 પર Whatsapp કરો.

## Crack GPSC ની બુક્સ જોરદાર જ હોય

સરકારી નોકરીની તૈયારી માટે


76000 51070

ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

CRACK GPSC

# સ્પર્ધાત્મક પરીક્ષા માટે અગત્યનાં પુસ્તકો

**બુકની ઈમેજ પર ક્લિક કરી બુકની સંપૂર્ણ માહિતી મેળવો અને ઓર્ડર કરો.**




ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

**CRACK GPSC**

**UPSC - GPSC - PI - PSI - RFO**

**Dy. SO/મામ. | કલર્ક | તલાટી | કોન્સ્ટેબલ**

TAT | TET | HTAT

**એક એપ, બધી પરીક્ષાઓ**



**વધુ માહિતી માટે Crack GPSC એપમાં BOOKS વિભાગ વિઝિટ કરો. એમેઝોન પર પણ ઉપલબ્ધ .**

# એક એપ, બધી પરીક્ષાઓ

કોઈ પણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી આટલી સરળ ક્યારેય નહોતી...

# સરકારી નોકરીની તૈયારી કરો

ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

## CRACK GPSC

**UPSC - GPSC - PI - PSI - RFO**

**Dy. SO/મામ. | કલર્ક | તલાટી | કોન્સ્ટેબલ**

TAT | TET | HTAT



- ક્લાસ 1, 2 અધિકારી બનવાનું કે સરકારી નોકરી મેળવવાનું સ્વપ્ન કરો સાકાર.
- ડાઉનલોડ કરો Crack GPSC એપ અને તૈયારી કરો ગમે ત્યારે, ગમે ત્યાંથી

અનુભવી અને સફળ ફેકલ્ટીઝ સાથે ઓછા સમયમાં સચોટ તૈયારી એટલે **Crack GPSC**

વધુ વિગત માટે સંપર્ક કરો. 7600051070

રામમંદિર પ્રાણપ્રતિષ્ઠા આનંદ મહોત્સવ નિમિત્તે

# હાર નહિ માનુંગા

## કોઈ પણ પરીક્ષા માટે થઈ જાઓ તૈયાર



ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ

**CRACK GPSC**

## FEE ની ચિંતા છોડો, FREE તૈયારી કરો.

- **Video Courses** પર ક્લિક કરી **કોર્સ** પર ક્લિક કરો.
- **Reedem Code** પર ક્લિક કરી **CrackGPSC** કોડ દાખલ કરો.
- **APPLY** પર ક્લિક કરો. આપના કોર્સ તરત જ ON થઈ જશે.
(કોડ એક જ વખત નાખવો, વધુ વખત નાખવાથી કોર્સ કાયમ માટે બંધ થઈ શકે છે.)

અભ્યાસ/જોબ સાથે, ઘરે બેઠાં, ઓછા સમયમાં કોઈ પણ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરો.